
કિંમત ₹ ૫/-

સળંગ અંક ૮૪ એપ્રિલ ૨૦૧૪

શ્રી સ્વામિનારાયણ

પ્રકાશનનું દર માસની ૧૧ તારીખે

માસિક



શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં શ્રી નરનારાયણદેવ જયંતી ફૂલદોલોત્સવ

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧



૧.જેતલપુર મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ.મોટા મહારાજશ્રી તથા સભામાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારતા યજમાન પરિવાર. ૨. મૂળીધામ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ગુરૂમંત્ર મહોત્સવ પ્રસંગે ગુરૂમંત્ર પ્રદાન કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૩ શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયામાં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી તથા સભામાં દર્શન આપતા પ.પૂ.મહારાજશ્રી. ૪-૫. શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં ગાંગડ ગામે તથા નવાવાડજમાં સત્સંગ સભાને સંબોધતા સંતો. ૬. કલોલ પંચવટી માં નિર્માણાધિન મંદિર.



શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૭ ● અંક : ૮૪

એપ્રિલ-૨૦૧૪

(મૂળ વર્ષ ૪૭)



અ નુ ક્ર મ ણિ કા

૦૧.	અસ્મદીયમ્	૦૪
૦૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૦૫
૦૩.	લક્ષ્મી ચાંદલો લઈને આવી	૦૬
૦૪.	અક્ષરધામનું દ્વાર	૦૮
૦૫.	ભક્તિનું બેલેન્સ કરવાના અવસર !	૧૦
૦૬.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો	૧૧
૦૭.	શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી	૧૪
૦૮.	સત્સંગ બાલવાટિકા	૧૬
૦૯.	ભક્તિ સુધા	૧૯
૧૦.	પ્રશ્ન પેટી	૨૪
૧૧.	સત્સંગ સમાચાર	૨૫

સંસ્થાપક

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.com
ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની
આજ્ઞાથી
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
www.swaminarayan.info
www.swaminarayan.in
એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● વંશ પરંપરાગત દેશમાં રૂા. ૫૦૧-૦૦ ● વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

॥ અસ્મદીયમ્ ॥

"જ્યારે હૃદયને વિષે મોહ વ્યાપે ત્યારે એ જીવને પોતાનો અવગુણ તો સૂઝે જ નહિ." માટે પોતાનો અવગુણ ન સૂઝે એ જ મોહનું રૂપ છે. અને વળી જીવ માત્રને પોતાના ડહાપણનું અતિશય માન હોય, પણ એમ વિચારે નહિ જે, 'મને મારા જીવની ખબર નથી, જે આ શરીરમાં જીવ રહ્યો છે તે કાળો છે કે ગોરો છે, કે લાંબો છે કે ટૂંકો છે એની કાંઈ ખબર નથી, તો પણ મોટા પુરુષ હોય અથવા ભગવાન હોય તેને વિષે પણ ખોટ્ય કાઢે, અને એમ સમજે જે આ મોટા પુરુષ છે અથવા ભગવાન છે પણ આટલું ઠીક કરતા નથી. એમ ખોટ્ય કાઢે છે, પણ એ મૂર્ખો એમ નથી જાણતો જે, 'એ ભગવાન તો અનંતકોટિ બ્રહ્માંડને વિષે રહ્યા એવા જે જીવને ઈશ્વર તેને જેમ હથેળીમાં જળનું ટીપું હોય, ને તેને દેખે તેમ દેખે છે. અને અનંતકોટિ બ્રહ્માંડના આધાર છે, ને લક્ષ્મીના પતિ છે, અને અનંતકોટિ બ્રહ્માંડના કર્તાહર્તા છે. અને શેષ શારદા ને બ્રહ્માદિક દેવ, તે પણ જેના મહિમાના પારને પામતા નથી, અને નિગમ પણ જેના મહિમાને 'नेति नेति' કહે છે. માટે એવા જે પરમેશ્વર તેના ચરિત્રને વિષે, ને તે ભગવાનની જે સમજણ તેને વિષે, જે દોષ દેખે છે તેને વિમુખ ને અધર્મી જાણવો અને સર્વે મૂર્ખનો રાજા જાણવો. (ગ.મ. ૫૩)

માટે વ્હાલા ભક્તો ભગવાન મળ્યા પછી જ્યાં ત્યાં ચુંથણા ચુંથવા નહી. એક જ ધ્યેય, એકજ સિધ્ધાંત મને મળ્યા છે એ સર્વોપરી ભગવાન છે. સર્વના કર્તા હર્તા છે. એના સિવાય બીજો કોઈ ભગવાન નથી. આવી દૃઢ ગાંઠ બાંધી રાખવી. તો આપણું નિશ્ચે કલ્યાણ થઈ ચૂક્યું છે.

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(માર્ચ-૨૦૧૩)

૧ શ્રી સ્વામિનારાયણ મંદિર ચરાડવા કથા પ્રસંગે પધરામણી.
૨. શ્રી સ્વામિનારાયણ મંદિર રિદ્રોલ કથા પ્રસંગે પધરામણી.
૩. શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો ૧૯૨ મો પાટોત્સવ તિથિ મહોત્સવ મહાભિષેક પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો.
૪. શ્રી સ્વામિનારાયણ મંદિર સાપાવાડા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૫. શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૬. સુઘડ (ગાંધીનગર) ગામે કથા પ્રસંગે પધરામણી.
૭. લવારપુર ગામે કથા પ્રસંગે પધરામણી.
૮. શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ બાપુનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૯ ડાંગરવા શ્રી સ્વામિનારાયણ મંદિર કથા પ્રસંગે પધરામણી.
૧૦. શ્રી સ્વામિનારાયણ મંદિર રાણીપ કથા પ્રસંગે પધરામણી.
૧૧. શ્રી સ્વામિનારાયણ મંદિર રાણીપ પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૨. શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળીધામ ગુરુમંત્ર મહોત્સવ પ્રસંગે પધરામણી.
૧૪. પ.ભ. કાંતિભાઈ નરસીભાઈ પટેલને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, ડ્રાઈવ-ઈન રોડ
૧૬-૧૭. સુખપર (કચ્છ) પધરામણી.
૧૮. શ્રી સ્વામિનારાયણ મંદિર ટીંબા (મૂળીદેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૧૯. શ્રી સ્વામિનારાયણ મંદિર સૂર્યનગર (મૂળીદેશ) ખાત મુહૂર્ત પ્રસંગે પધરામણી.
૨૦-૨૧. નારાયણપર (કચ્છ) પધરામણી.
૨૨. શ્રી સ્વામિનારાયણ મંદિર ઈંગોરાળા (મૂળીદેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૨૩. શ્રી સ્વામિનારાયણ મંદિર આકરૂંદ (બાયડ) પધરામણી.
૨૪. શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુરધામ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના પાટોત્સવ પ્રસંગે પધરામણી.
રાત્રે હીરાપર (કચ્છ) પધરામણી.
૨૫. હીરાપર (કચ્છ) પધરામણી.
૨૬. શ્રી સ્વામિનારાયણ મંદિર સાદરા વાસણા પધરામણી.
૨૭. શ્રી સ્વામિનારાયણ મંદિર બાલાસિનોર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૮. શ્રી સ્વામિનારાયણ મંદિર કોઠંબા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૯ થી ૩૦ શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવી (કચ્છ) પધરામણી.
૩૧ થી ૭ એપ્રિલ ઓકલેન્ડ-ન્યુઝીલેન્ડ ધર્મ પ્રવાસે.

પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(માર્ચ-૨૦૧૪)

૩ શ્રી નરનારાયણદેવનો ૧૯૨ મો પાટોત્સવ મહોત્સવ પ્રસંગે મહાભિષેક પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો.
૧૭. અમદાવાદમાં શ્રી નરનારાયણદેવ જયંતી ફુલદોલોત્સવ પોતાના વરદ્ હસ્તે ઉજવાયો.

લક્ષ્મી ચાંદલો લઈને આવી

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

ભગવાનશ્રી સહજાનંદ સ્વામીએ સ્વહસ્તે લખેલ શિક્ષાપત્રી શ્લોક ૪૩ માં આશ્રિતોને આજ્ઞા કરી કે; તિલકના મધ્યને વિષે ગોળ એવો જે ચાંદલો તે જે તે ગોપીચંદને કરીને કરવો અથવા રાધિકાજી અને લક્ષ્મીજી તેનું પ્રસાદી એવું કુંકુમ તેણે કરીને તે ચાંદલો કરવો. શતાનંદ સ્વામીએ શિક્ષાપત્રી ભાષ્યમાં લખ્યું કે, સાર સંગ્રહ વિષ્ણુ ધર્મોત્તરમાં કહ્યું કે; વૈષ્ણવોએ તિલકની સાથે કંકુનો ગોળ ચાંદલો કરવો ભગવાનને પ્રસન્ન કરવા તિલક કરવું અને રાધા-લક્ષ્મીને રાજી કરવા ગોળ ચાંદલો કરવો અને જે કંકુ વડે રાધા-લક્ષ્મીની પૂજા કરી હોય તેમાંથી વધેલા કંકુ વડે પોતે ગોળ ચાંદલો કરવો. એટલે કે કંકુના પૂજન વડે રાધા લક્ષ્મી પ્રસન્ન થાય છે. કંકુ તેઓને ખૂબજ પ્રિય છે. વળી એવા કંકુ નો ચાંદલો મસ્તક પર ધારણ કરનારા પર રાધાલક્ષ્મી ખૂબજ પ્રસન્ન થાય છે. એટલે જુના સમયની કહેવત પડી છે કે લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોઢું ધોવા પણ જવું નહિ. એટલે કે ચાંદલો કરી લેવો. તેમાં વિલંબ આળસ પ્રમાદ સમય સંજોગ, દેશ કાળ, નક્ષત્ર, દિવસ, રાત પણ જોવા નહિ. લક્ષ્મી ચાંદલો કરે એજ ઉત્તમ સમયની નિશાની છે. જે ભક્ત કંકુ વડે રાધાલક્ષ્મીની પૂજા કરે છે તે જ લક્ષ્મીજી પૂજા કરનારને પ્રસન્નતાના પ્રતિક રૂપે ચાંદલાનું દાન કરે છે. એટલે તો માતાજીના મંદિરોમાં ભક્તો દેવીની પૂજા માટે માત્ર કંકુ લઈને જતા હોય છે. અને દર્શન કરે ત્યારે પૂજારી ભક્તને ચાંદલો કરે છે. ચાંદલો વિજયતા સફળતાની સૂચના આપે છે. ચાંદલો ધન ધાન્ય સમૃદ્ધિ રિધ્ધિ સિધ્ધિ વિઘ્ન વિનાશકની સાક્ષી આપે છે. ચાંદલો કરનાર પર કોઈની નજર દોષ લાગતી નથી. ચાંદલો કરનારાના ઘરમાં ધન સંપત્તિનો વાસ થાય છે. ચાંદલો કરનારાના ઘરમાં રહેવાનું લક્ષ્મી-રાધાજી પસંદ કરે છે. રાધાજી ઉત્તમ ભક્તિની મૂર્તિ તો લક્ષ્મીજી ધન સમૃદ્ધિની મૂર્તિ. આ લોકની સિધ્ધિ માટે લક્ષ્મીજીની કૃપા અને પરલોકની પ્રાપ્તિ અને પરમાત્માની પ્રસન્નતા માટે રાધાજીની કૃપા અનિવાર્ય છે. પ્રારબ્ધ ગમે તેવું કઠણ હોય પણ કપાળમાં ચાંદલો હોય તો રાધા-લક્ષ્મીજીની સહજ કૃપા થાય છે. ધનવાનના ઘેર સગા સંબંધી ખેંચાઈને આવે એમ ચાંદલો કરનારાના ઘેર સંપત્તિ અખંડ રહે છે. તિલક અને ચાંદલો જોઈ રાધા-લક્ષ્મી પોતાનું ઘર માનીને સદાય નિવાસ કરે છે. પતિવ્રતા સધવા સ્ત્રીનું સૌભાગ્ય ચાંદલો એમ ભક્તનું સૌભાગ્ય તિલક ચાંદલો. એક કવિએ દેવીનું ભજન બનાવ્યું છે કે, "માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઉગીઓ." કંકુ જોઈને લક્ષ્મીજીનો સૂર્યોદય થાય. કવિ નારાયણદાસે કીર્તનમાં ગાયું કે કુંકુમનો ચાંદલોને ભાલે તિલક કર્યું. હારે કંઠે ધારી માણેક જડી માળા. ઘનશ્યામજી પ્યારી લાગે મૂરતિ તમારી. શ્રીજીમહારાજ નિત્ય ચાંદલો તિલક કરતા. કોઈના કપાળે ચાંદલો જોઈ રાજી થતા. કોઈ સત્સંગી એ ચાંદલો ના કર્યો હોય તો નાખુશ થતા. વળી મીઠો ઠપકો પણ દેતા. મનના સંકલ્પને પૂરા કરવા હોય તો ચાંદલો અવશ્ય કરો. કામોને નિર્વિઘ્ને પાર પાડવા હોય તો ચાંદલો તિલક કરો. ધનવાન થવું હોય તો ચાંદલો કરો. ચાંદલો કર્યો હશે તો પ્રારબ્ધમાં ન હોય તોય લક્ષ્મી આવશે. દેવું થઈ ગયું હોય તો જલ્દી ભરપાઈ થશે. વ્યવસાયમાં બરકત ના આવતી હોય તો આવશે. ધંધાની કમાણીમાં વધારો થશે. જીવનમાં આર્થિક પાસુ મજબૂત બનશે. ખેતીની આવકમાં વધારો થશે. ઘરમાં ભગવાન સહિત રાધા-લક્ષ્મીજી અખંડ વાસ કરશે. ચાંદલો તિલક કરવાની શરૂઆત કરી દો. શરમાશો નહિ. થોડા દિવસ લોકોને નવાઈ લાગશે. પછી ટેવાઈ જશે. સજ્જનો, સત્સંગીઓ, વડીલો, માતા પિતા, સંત પુરુષો અને ભગવાન તિલક ચાંદલો જોઈ રાજી થશે. હૃદયના આશીર્વાદ આપશે. સવારે પૂજા કરો ત્યારે જ પ્રસાદીના કંકુનો તિલક ચાંદલો કરો. જેમ રૂપિયાની નોટને સાચવો છો એમ દિવસ ભર ચાંદલાને સાચવો. મશકરી કરનારા દુશ્મનો છે. તમે સુખી થાઓ એ તેઓને ગમતું નથી. દૃઢ મનોબળ રાખી શરૂઆત કરો. એક વર્ષ ચાંદલો કરીને જુઓ બધી રીતે ફાયદો થશે. ભગવાને વચન આપેલ છે જરૂરથી ફાયદો થશે. અને જો થોડો પણ ફાયદો ના થાય તો બંધ કરી દેજો.

ચાંદલો કરીને સ્કુલે જતાં શરમાશો નહિ. નોકરી જતાં શરમાશો નહિ. ઈન્ટરવ્યુમાં જતા શરમાશો નહિ. મુસાફરીમાં જતાં શરમાશો નહિ. લગ્નાદિ શુભ પ્રસંગે જતાં શરમાશો નહિ. કેમ કે વરરાજા પણ ચાંદલો કરીને બેઠા છે. મંદિરે આવો તો ચાંદલો કરીને આવો. તિલક ચાંદલો કર્યો એટલે નારાયણ અને રાધા-લક્ષ્મીને સાથે રાખ્યા. પોતાના આશ્રિતોને સુખી કરવા શ્રીજી મહરાજે સરળ ઉપાય બતાવ્યો છે. જે સ્ત્રીએ ચાંદલો કર્યો હોય તેના બધા સગા છે અને જેને ન કર્યો હોય તેના પતિ ધણી મૃત્યુ પામ્યા છે એવો અર્થ થાય છે. સ્ત્રીનું સૌભાગ્ય ચાંદલો અને ચુડી છે એમ સત્સંગીનું સૌભાગ્ય તિલક ચાંદલો છે. શરૂઆત કરો આજે જ શરૂઆત કરો. ભગવાન તમારો ચાંદલો જોઈ ખૂબ રાજી થશે. રાજાને રાજગાદી પદારૂઢ વખતે તિલક કરવામાં આવે છે. તિલજ એજ સત્તા, જેની જીત થઈ તેને ચાંદલો કરે. નવા ઘરના દરવાજે ઉંમરે ચાંદલો કરે. નવી ગાડી લાવે તો કંપનીવાળા પણ ચાંદલો કરવા કંકુની ડબી મફત આપે. અને પૂજારી ષોડશોપચાર પૂજનમાં ભગવાનને ચાંદલો કરે. સ્વસ્તિ વાચન એટલે ચાંદલો કરવાનો બધો લાભ તમને થશે. બધે જ ચાંદલો કરવાની પરંપરા છે. એક માત્ર મૃત્યુ પામેલી વ્યક્તિ નનામીને ચાંદલો નહિ. અને તેના દશ દિવસ સુધી ચાંદલો નહિ. શંકા એ અશુભ નિશાની સૂતકનું સૂચન. ચાંદલા વિના સૂતકીના જેવો કહેવાય. શ્રીકૃષ્ણ ભગવાને સુદામાને તિલક ચાંદલો કર્યો તો તેના ઘેર સમ્પતિ અઢળક આવી. દેશમાં રહેતા હો કે વિદેશમાં ચાંદલો અવશ્ય કરો. જરાય સંકોચ શરમ ન રાખશો. આજકાલ તો યુવાનો શૂરવીર હોય છે. તેઓને ચાંદલો કરવામાં જરાય ડર લાગતો નથી. ચાંદલા વગરનો માણસ સરનામા વિનાની ટપાલ છે. સત્સંગીની ઓળખ ચાંદલો તિલક છે. ઓળખને છુપાવશો નહિ. જેમ કંપનીના લોગા વાળી વસ્તુ ના મોંઘા દામ ! એમ તિલક ચાંદલો એ તો અક્ષરધામનું સરનામું ! ભગવાનના બે ચરણરૂપી તિલકની વચમાં લક્ષ્મી-રાધા રૂપી ચાંદલાની બહાર નિકળી શકતા નથી. આજે લોકો રિધ્ધિ સિધ્ધિ સમૃધ્ધિ માટે જાતજાતના ઉપાયો કરે છે. પણ સચોટ સરળ આપણા ઈષ્ટદેવ શ્રીજી મહારાજે તિલક ચાંદલો કહ્યો છે. તેમાં ડબલ ફાયદો એક ભગવાનનું વચન પાળવાનો અને બીજો સમૃદ્ધિ મળવાનો.

શ્રી સ્વામિનારાયણ માસિકના કોઈપણ કામ અર્થે સરનામું બદલાવવું, અંકની ફરિયાદ અને માહિતી માટે શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલયમાં ફોનથી સંપર્ક માટે ૦૨૭૧૪૩૪૨૦૫૦

નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે

જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.org
છપૈયા : www.chhapaiya.com
ટોરડા : www.gopallalji.com
નારણઘાટ : www.narayanghat.com
વડનગર : www.swaminarayanmandirvadnagar.com
પ્રયાગ : www.prayagmilan.org
અયોધ્યા : www.ayodhyaswaminarayanmandir.com

શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ

www.swaminarayan.info
www.swaminarayan.in

ભારતીય સમય મુજબ આરતી દર્શન : મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૮-૩૦ ● શયન આરતી ૨૦-૧૫

શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ

shreeswaminarayan9@gmail.com

અક્ષરધામનું દ્વાર

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ (અમદાવાદ)

અમદાવાદ-શ્રીનગરમાં શ્રી નરનારાયણદેવ દેશના પૂર્વાપીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સંકલ્પથી સાકાર પામેલું શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમ, પરમ કૃપાળુ પરમાત્મા શ્રીસ્વામિનારાયણ ભગવાનનો તાદેશ્ય અનુભવ કરાવે છે. આ મ્યુઝિયમ માત્ર ઈંટો-ચૂનો-પત્થરોથી બનેલું નથી, તે તો શ્રીહરિના આવિર્ભાવરૂપી આશીર્વાદથી પ.પૂ.ધ.ધુ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ કરેલા સંકલ્પનું મૂર્ત સ્વરૂપ છે. પૂર્વે જેમ સચ્ચિદાનંદ સ્વામીનો સંકલ્પ પણ મૂર્ત સ્વરૂપ ધારણ કરતો તેમ આ શ્રીહરિના છઠ્ઠા વંશજ, તપોમૂર્તિ, શ્રીહરિને અખંડ ધારી રહેલા, બ્રહ્મની મૂર્તિ સમા આ મહાપુરુષના સંકલ્પ પણ શ્રીહરિ અચૂક નિઃશંક પણે પૂરા કરે છે.

તેઓશ્રીની પાસે શ્રીજીની પ્રસાદીની ચીજ-વસ્તુઓ વંશપરંપરાથી સંગ્રહાયેલી હતી. શ્રીજીએ સ્વયં અતિ પ્રસન્નતાપૂર્વક આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજીને આપેલી આ તમામ સામગ્રી પૂર્વાચાર્યોએ અતિ ભાવથી ખંતપૂર્વક તેનું જતન કરીને સાચવી હતી. કરુણાસાગર આ આચાર્યશ્રીએ, સર્વે સત્સંગીજનોને તેનો લાભ મળે તે એકમાત્ર હેતુથી એક અત્યંત આધુનિક શ્રીજીની પ્રસાદીનું મ્યુઝિયમ-સંગ્રહસ્થાન બનાવવાનો શુભ સંકલ્પ કર્યો અને તેની પરિપૂર્તિ કરવા સારુ આચાર્યપદનો ભાર પ.પૂ.ધ.ધુ. શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને સોંપી પોતે સત્સંગની પ્રવૃત્તિને અર્થે, આચાર્યપદેથી નિવૃત્તિ લીધી. સર્વે સંત-હરિભક્તોને સાથે લઈને દેશ-વિદેશમાં હરિભક્તોને ઘેર ઘેર જઈને તેમને દર્શનદાન દઈને, કથા-વાર્તા કરીને, શ્રીહરિની કૃપાથી તેમની મનોકામનાઓ પૂરી કરીને પણ સર્વેને ખૂબ રાજી કર્યા. પોતાનો સંકલ્પ જાહેર કર્યો અને શ્રીહરિની ઈચ્છાથી જ, શ્રીજી પ્રસાદીની અનેક અલભ્ય ચીજ-વસ્તુઓ, સંતો-હરિભક્તોએ તેમના ચરણે ધરી દીધી.

શ્રીહરિની ઈચ્છા, મહાપુરુષનો સંકલ્પ, સંત-હરિભક્તોનો તન-મન-ધનનો પુરુષાર્થ, સંપ્રદાય સમગ્રની અનેકવિધ સેવાથી આ મ્યુઝિયમ સાકાર થયું. તેમાં જેટલા રૂપિયા વપરાયા છે. તેનાથી અનેકગણો સંત હરિભક્તોનો ભજન-ભક્તિ-ભાવ વપરાયો છે. તેમાં જેટલું પાણી વપરાયું છે તેનાથી અનેકગણો પ્રસ્વેદબિંદુઓ સંત હરિભક્તોએ વહાવ્યા છે, તેમાં જેટલો સમય વપરાયો છે તેનાથી અનેકગણા સમય સુધી આ મ્યુઝિયમના તરંગો વિશ્વમાં ફેલાશે અને સર્વજીવોનું રૂડું થશે, જેટલા જીવોએ આમાં દાખડો કર્યો છે તેનાથી અનેકગણા જીવો અક્ષરધામના મોક્ષમાર્ગે ચાલશે.

આ બધું જોવા-સમજવા-વિચારવા વાળા દીર્ઘદૃષ્ટા આચાર્ય મહારાજશ્રીની કૃપાદૃષ્ટિ આ અમદાવાદ દેશ ઊપર પડી. પોતાના દાદા, ભગવાન શ્રીહરિની જેમ તેઓશ્રીએ પણ અપાર કરુણા દાખવી આ મંગલમય અલૌકિક ઐતિહાસિક સ્થાનને તૈયાર કરી સંપ્રદાય સમસ્તને અર્પણ કરી દીધું. અહીં સંસ્કારીતતાની સુવાસ છે. સુવર્તનનો અહેસાસ છે. શ્રીજીની અનુભૂતિ છે, ધર્મવંશી આચાર્યશ્રીનો રાજીપો છે. તેના અણું-પરમાણું માં નંદ સંતોના આશીર્વાદ છે, આ જીવને અલૌકિક આનંદ આપતું આ સ્થાન છે. આપણાં મોટા ભાગ્ય છે કે આવો સુંદર સુયોગ આપણને મળ્યો છે. ઓછા પુણ્યવાળાને આનો જોગ થવો ઘણો કઠણ છે. આપણે તો માત્ર અહીં દર્શને આવવાનું છે, પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અખંડ આશીર્વાદ છે કે, અહીં દર્શન કરનાર જીવપ્રાણીમાત્રનું ભગવાન શ્રીહરિ સદા શુભ-મંગળ કરશે જ.

અહીં શ્રીહરિએ સ્વયં પૂજેલા શ્રી નરનારાયણદેવની ચલ પ્રતિમાનો અભિષેક કરવાની તક દરેક હરિભક્તને આપેલી છે. અહીં મહાપૂજા અને અભિષેક કરાવનારાના મનોરથ અચૂક સિધ્ધ થાય છે. આ કળિકાળમાં જીવ પ્રાણીમાત્રને, આધિવ્યાધિ અને ઉપાધિમાંથી રક્ષણ આપવા સારુ જ પૂ. મહારાજશ્રીએ આ બધી વ્યવસ્થા

ગોઠવી છે. અનેક મનુષ્યો સત્સંગી-કુસંગી સર્વે, આનો લાભ લઈ દુઃખમાંથી મુક્ત થયા છે.

દુન્યવી લોકોએ જ્યારે ધર્મને ધંધો બનાવી દીધો છે, ધર્મને નામે અધર્મની હાટડીઓ ખોલી છે, ભોળા મનુષ્યોને ધર્મને નામે છેતરીને અધર્મનું ઝેર પાય છે. ત્યારે રણમાં મીઠી વીરડી સમાન આ મ્યુઝિયમ માનવી માત્રને સુખ શાતા અર્પણ કરી ભયમુક્ત બનાવે છે. અહીંના વાતાવરણમાં જ પવિત્રતાનો અહેસાસ થાય છે, આપણા વાણી-વર્તનમાં અજબનું પરિવર્તન થાય છે. અહીંના અભિષેકનું જળ, અનેક દુષ્કર આધિવ્યાધિના રોગોની ઉત્તમ દવા સમાન પુરવાર થયું છે. આ અનુભવો કોઈ એકલ દોકલ વ્યક્તિના નહિ પણ ગરીબ-તવંગર, સંતો-મહંતો, બાઈ-ભાઈ, સત્સંગી-કુસંગી સર્વે જીવ પ્રાણી માત્રના છે.

અહીં શ્રીજી પ્રસાદીના પાત્રો, વસ્ત્રો, શસ્ત્રો, શાસ્ત્રો, ચાખડીઓ, મોજડીઓ, ચરણારવિંદો, ગોદડાઓ, ગોદડીઓ, મૂર્તિઓ સર્વ કાંઈ છે. શ્રીજીના હસ્તાક્ષરવાળો એકમાત્ર પત્ર છે. તેનાં દર્શન અહીં થાય છે. શ્રીજીના મુખકમળની દાઢ, નખ, શિખાના કેશ અને અસ્થિનાં દર્શન અહીં થાય છે. શ્રીજીના અનેક લીલાચરિત્રો જેવાં કે ડભાણ - જેતલપુરના યજ્ઞ વખતે વપરાયેલ પાત્રો, વહેલાલનો માઢ, નરનારાયણદેવના મંદિરના મૂળ-અસલ કમાડ-બારણાં, રંગોત્સવમાં વાપરેલી પિચકારી, અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશના બધા જ આચાર્યશ્રીઓના હસ્તાક્ષરો, શ્રીજીના પટ્ટાભિષેક વખતનો ચંદરવો, ઘણા નંદ સંતોના હસ્તાક્ષરો, વગેરે પ્રસાદીની વસ્તુઓ આખા સંપ્રદાયમાં અન્ય કોઈ સ્થાને નથી તે સર્વેના દર્શન અહીં થાય છે. આ સર્વેનું દર્શનમાત્ર આપણને શ્રીજીની ઝાંખી કરાવે છે. આપણાં ચર્મચક્ષુ સમક્ષ બસો વર્ષ પહેલાંનો ઈતિહાસ તરવરે છે. અને આપણું મન શ્રીજીની સાથે તદાત્મ્યપણું અનુભવે છે. ઓછા પુરુષાર્થ કરીને પણ અક્ષરધામની પ્રાપ્તિ થાય તેવો આ સુગમ-સરળ રસ્તો છે. મંદિરમાં શ્રીનરનારાયણદેવના દર્શન કરીને, આ મ્યુઝિયમમાં શ્રીજી પ્રસાદીના દર્શન કર્યા પછી આ જીવને કાંઈ કરવાનું બાકી રહેતું નથી. શ્રીહરિનો દૃઢપણે કરીને આશરો રાખવો, ધર્મવંશી આચાર્યથકી દીક્ષા મંત્ર લેવો, શિક્ષાપત્રી પ્રમાણે વ્યવહાર કરવો તો અક્ષરધામની પ્રાપ્તિમાં કાંઈ કચાશ રહેશે નહિ.

મ્યુઝિયમનું કવિત : રાગ પૂર્વછાયો

બીજાં સ્થાનક તો બહુ જ છે, પણ આ જેવું નહિ બીજું કોય,
ડગલે પગલે ચાલતાં જેમાં, શ્રીહરિની અનુભૂતિ હોય. ।૧।
આચાર્ય તેજેન્દ્રજીએ કર્યો સંકલ્પ, ધરી શ્રીહરિનું તેજ મનમાંય,
અનંત જીવ ઊધ્ધરવાને, કર્યું મ્યુઝિમય શ્રીનગરમાય. ।૨।
અનંત પ્રસાદી પોતે પામ્યા હતા, સ્વામી શ્રીજીથી સાક્ષાત્,
સર્વ તે સત્સંગીઓને અર્પણ કરી, નથી નાનીસુની આ વાત. ।૩।
સંતગૃહસ્થોને લઈ સાથમાં, ઘૂમી વળ્યા દેશ-પરદેશ,
શ્રીજીને ઓળખાવીયા, મણા રાખી નહિ લવલેશ. ।૪।
ભેટ સોગાદ જે ચરણે આવી, તેને અડ્યા પણ નહિ પોતે,
તે ઉપરાંત તેમાં પોતાનું ઊમેરી, કર્યું મ્યુઝિયમ સહુ જોતે. ।૫।
શ્રીજીના વસ્ત્રો, શસ્ત્રોને પાત્રો વળી, ચરણારવિંદ પધરાવિયા,
જામો અંગરખું પાઘને મુગટ, માથે શ્રીજીએ જે ધારીઆ. ।૬।
શાસ્ત્રો લખ્યાં-લખાવ્યાં પોતે, ચીજ-વસ્તુ જે જે વાપરી,
ધોતી પીતાંબર ખેસને ટોપી, ચાખડી-મોજડી જે ચરણે ધારી. ।૭।
સ્વહસ્તે જેમાં દસ્તક કર્યા, તે પત્ર પણ પધરાવીયો,
મુખકમળમાંની દાઢ શ્રીજીની, દર્શનાર્થે દેવગણ પણ ત્યાં આવિઓ. ।૮।
અંગના નાખ ને વળી કેશ જે શિખા તણા,
અસ્થિકુંભના દર્શન કરી, જોઈ રહ્યાં વિસ્મયથી ઘણા. ।૯।
નરનારાયણદેવનો, જીયાં નિત્યે થાય અભિષેક,
અનંત મુક્તો ધામોધામથી, આવે દર્શને ધરી વિવેક. ।૧૦।
ધર્મવંશી ધર્મચાર્યનો, રૂડો આશીર્વાદ ધારી ઊર,
પૂર્ણ કરે મનોકામના, તેમાં શ્રીજી ન જુએ નર નિર્જર. ।૧૧।
અનંત ધન-દોલત મળે, પણ શ્રીજીની પ્રસાદી અતુલ,
શેષ મહેશને શારદા, ગાય નિત્ય ગુણ તેના અમુલ. ।૧૨।

ભક્તિનું બેલેન્સ કરવાના અવસર !

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (મેમનગર)

વિશ્વના સર્વ પ્રથમ એવા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદ મધ્યે બિરાજતા ભરતખંડના સવિશેષ રાજા એવા મહાપ્રતાપી શ્રી નરનારાયણદેવના સ્થાપના દિવસ ને આજથી લગભગ આઠ વર્ષ પછી એટલે કે વિ.સં. ૨૦૭૮ ને ફાગણ સુદી દ્વિતિયાના દિવસે બરાબર બસો વર્ષ પૂર્ણ થશે.

દરમ્યાન છેલ્લા ઘણા સમયથી આ પ્રથમ મહામંદિરનો જીર્ણોધ્ધાર થઈ રહ્યો છે. રિનોવેન કાર્ય તેના અંતિમ ચરણમાં છે. આપણા ઘર કે બંગલાનું રિનોવેશન કરાવીએ છીએ ત્યાર પછી મિત્રો સગાં સંબંધીઓને ભેગાં કરીને એની ઉજવણી કરીએ છીએ ને ? બસ, આપણા ઈષ્ટદેવ મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં જ સ્વરૂપ એવા શ્રી નરનારાયણદેવના જીર્ણોદ્વારિત મંદિર તથા સુવર્ણ સિંહાસનનો ઉદ્‌ઘાટન પ્રસંગ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. તા. ૨૪-૧૨-૨૦૧૪ થી ૨૮-૧૨-૨૦૧૪ એમ પંચદિવસીય શ્રી નરનારાયણદેવ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. મહોત્સવના ઉપલક્ષમાં સુંદર એવાં ધાર્મિક તથા તથા સામાજીક આયોજનોની રૂપરેખા તૈયાર થઈ ગઈ છે !

ડિસેમ્બર ૨૦૧૪ ના શ્રી નરનારાયણદેવ મહોત્સવને આઠ માસની વાર છે. જ્યારે બસો વર્ષ પૂર્ણ થવામાં આજથી આઠ વર્ષની વાર છે. શ્રી નરનારાયણદેવ મહોત્સવ એ વિ. સંવત ૨૦૭૮ માં ઉજવવામાં આવનારા શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી સ્થાપના મહોત્સવની એક નાની પ્રતિકૃતિ બની રહેશે. પ.પૂ. મોટા મહારાજશ્રીના વડપણ હેઠળ તથા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીનાં માર્ગદર્શન અને સાનિધ્ય સાથે દેશ-વિદેશના સમસ્ત સત્સંગીઓ અને બૃહદ્ સંત સમુદાય સાથે મળીને આ બંને મહોત્સવ ઉમળકાંભેર ઉજવીશું !

હવે આગામી આ મહોત્સવ અને મહામહોત્સવમાં આપણું યોગદાન અત્યારથી જ બલ્કે આજથી જ સુનિશ્ચિત ના કરી શકીએ ? યોગદાન તનનું, મનનું અને ધનનું હોઈશકે. તનથી કરેલી સેવા તો બેશક સર્વશ્રેષ્ઠ જ ગણાય છે. પરંતુ મન દ્વારા અર્પિત કરેલી સેવા પણ એટલી જ મહત્વની છે. શ્રીહરિએ સ્પષ્ટ કહેલું જ છે કે ભગવાનને લઈને તો આ મુક્તાનંદ સ્વામીને પણ ભગવાન કહેવાય ! અર્થાત્ આપણી આજનાં સર્વ પ્રકારે આપણાં આ સુખ સમૃદ્ધિ એ શ્રી નરનારાયણદેવને રાખ્યા છે એથી કરીને છે. આપણી સર્વ સમૃદ્ધિ ના દાતા એવા શ્રી નરનારાયણદેવના આ બે પ્રસંગો નિમિત્તે આપણે એમને ભક્તિભાવ પૂર્વક આમાંથી કોઈપણ એક સંકલ્પ અર્પણ ના કરી શકીએ ?

(૧) આજથી રોજ શ્રી જનમંગલ સ્તોત્ર કે શ્રી જનમંગલ નામાવલિનાં પાંચ પાઠ કરીશું.

(૨) શ્રી સ્વામિનારાયણ મહામંત્ર લેખનની બૂકનું ઓછામાં ઓછું એક પાનું રોજે રોજ અવશ્ય ભરીશું.

(૩) શ્રી સ્વામિનારાયણ મહામંત્રની રોજ કરીએ છે તે ઉપરાંત વધારાની એક, બે કે પાંચ માળા અવશ્ય કરીશું.

(૪) આજથી રોજ વધારાનો એક દંડવત પ્રણામ કરીશું.

તદ્‌ઉપરાંત સત્‌શાસ્ત્રનું વિશેષ વાંચન કે કીર્તન ભક્તિના અંગવાળા હરિભક્ત પણ યથાશક્તિ પોત પોતાના સંકલ્પો અર્પણ કરી શકે છે.

ઉપર દર્શાવેલા સવિશેષ સંકલ્પો આપણાં ભજન ભક્તિનું બેલેન્સ વધારનારા સંકલ્પો બની રહેશે. ભક્તિની આ સેવા બિલકુલ નિષ્કામ સેવા બની રહેશે.

આઠ વર્ષના દિવસ થયા **365 x 8 = 2920** રોજ જો પાંચ જનમંગલ સ્તોત્રના પાઠ જો ગણીએ તો **2920 x 5 = 14600** ચૌદ હજાર છસો જનમંગલ સ્તોત્ર (નામાવલિ)નાં પાઠ થાય. આ તો ટીપે ટીપે સરોવર ભરાય એવું કામ થયું ! આઠ વર્ષ સુધી અખંડ ભક્તિની આવી નાની આંગળી જેટલી સેર્ય જો વહેતી રહેશે તો ભક્તિભાવનો જાણે સમુદ્ર છલકાઈ ઉઠશે.

શ્રી નરનારાયણદેવ તો ભરતખંડના સવિશેષ રાજા છે. દેવનો ઊંબરો આજે ૧૯૨ વર્ષો પછી પણ જેમ છે તેમ

અનુસંધાન પેજ નં. ૧૨ પર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)



અમદાવાદ મંદિર શ્રી નરનારાયણ દેવનો વાર્ષિકપાટોત્સવ તા. 3-3-૨૦૧૪ : આપણે ખૂબ ભાગ્યશાળી છીએ કે મહારાજે આપણને આવા કૃપાળુ શ્રીનરનારાયણદેવ આપ્યા છે. આ મંદિરનું કોઈ એક પગથિયું ચડે એ પણ ભાગ્યશાળી છે. શ્રી નરનારાયણદેવનું દર્શન કરવાથી તેના કેટલાય ભવના પાપ ટળી જાય છે. આપણે જે કંઈ ઉત્સવો કરીએ છીએ તેનો છેડો આ દેવ હોય છે. દેવને રાજી કરવા તમામ પ્રવૃત્તિ છે. હૃદયમાં એક ગાંઠ હંમેશા મજબુત રીતે વાળી રાખવાની કે આપણને દેવ મળ્યા છે તો બધું મળ્યું છે. મહારાજ પોતાના આશ્રિતને બે છેડા તો ભેગા કરી જ આપે છે. અન્ન-વસ્ત્ર-આબરુનો તોટો નથી. કોઈને ભૂખ્યા સૂવા નથી દેતા અને કોઈને ભૂખ્યા ઉઠવું પડતું નથી. પછી બીજું શું જોઈએ ? વધારે પૈસા હોય તો કંઈ પૈસાને ખાઈ શકાતા નથી ! જોયું છે દુનિયામાં ક્યાંય કે કોઈ પૈસા ખાતું હોય ! પૈસાથી ભૂખ સંતોષાતી નથી. અન્નથી જ ભૂખ સંતોષાય છે. હા ! વધારે પૈસાવાળા દુઃખી થતા જોયા છે. આની પાસેથી આટલા લેવાના બાકી છે. આપતો નથી. આવી બધી ઉપાધિ પૈસા વાળાને હોય છે. પૈસા દુર્લભ નથી. બજારમાં જાય એને પૈસા મળે. પરંતુ દેવને બઝાર માં ન લઈ જઈએ કે બઝારમાં દેવને ન લાવીએ. બાવડામાં જેટલું જોર હોય તેટલું કમાઓ તેની ના નથી. એક દુકાન કરો, બે કરો, પાંચ કરો કે દસ કરો પરંતુ અડધી રાત્રે કોઈ ઉઠાડીને કહે કે આ બધું કોણે આપ્યું તો જવાબ હોવો જોઈએ કે મહારાજે પધરાવેલા નરનારાયણદેવે આપ્યું. સુખ આવે કે દુઃખ આવે પરંતુ દેવને મૂકવા નહિ. મહારાજ તો વચનામૃતમાં કહે છે કે અમે તો જેના પર બહુ રાજી થઈએ છીએ તેનું બધું લઈ લઈએ છીએ કે જેથી તે જીવ નિર્વાસનિક થઈને અમારું ભજન કરે અને અમારા ધામને પામે.

આપણે ભગવાનની પસંદગી કરવી પડતી નથી. આપણને મહારાજે સ્વયં પોતાનું જ સ્વરૂપ શ્રી નરનારાયણદેવ શોધીને આપ્યું છે. ઘણા લોકો ભગવાનની પણ ચોઈસ (પસંદગી) કરતા હોય છે. કેટલાકને સાચા ભગવાન મળે છે પરંતુ પછી પચે નહી એટલે પોતાની બુદ્ધિ લડાવીને કહે કે આ ભગવાન તો નીચા છે. ઉંચા છે, જાડા છે એમ કહીને છૂટા પડી જાય. કારણ કે અહીં તેઓને માન ન મળ્યું, પોતે પૂજાવાનું સુખ ન મળ્યું એટલે અહીં આવતા બંધ થાય, પછી પોતાની પસંદગીના ભગવાન શોધવા નીકળે. પછી હોટલ કે લારીમાં માણસો પસંદગી કરે એમ પસંદગી કરીને અન્યત્ર જોડાય, હાશકારો મેળવે કે હાશ ! હવે સુખી થયા. અત્યાર સુધી દુઃખી દુઃખી હતા. પાછા અહીં આવીને બીજાને પણ કહે, અહીં શું કયારના પડ્યા છો ? અહીં રહીને શું સુખ લીધું તમે ? આવો ! અમારી પાસે અમારે તો બાથરૂમમાં પણ એ.સી. આવી ગયા અને તમારે તો એમ ને એમ ..... હા ! અહીં જેને તાપ લાગતો હોય તેને જતું રહેવું જોઈએ.

દુનિયાને જે કહેવું હોય તે કહે, આપણી નિષ્ઠા અડગ હશે તો કંઈ કરવાનું રહેતું નથી. માળા એક ઓછી ફરશે તો ચાલશે. એકાદ વર્તમાનમાં ફેર પડશે તો તેનો કંઈક રસ્તો નીકળશે. પ્રાયશ્ચિત કરીને છૂટાશે પરંતુ નિષ્ઠામાં ફેર હશે તો ઉગરવાનો આરો નથી. કંઠી પહેરવાથી અને તિલક-ચાંદલો કરવાથી સત્સંગી થઈ જવાતું નથી. સત્સંગની શરૂઆત થાય છે. પછી ધીમે ધીમે તેમાં પરિપકવતા અને અડગતા આવે છે. બાળક હોય એ બહુ ચંચળ હોય, ક્યાંય સ્થિર ન બેસે. પછી યુવાન થાય એટલે

જોર બહુ હોય એટલે ક્યારેક બહાર બાઝી આવે, ઝઘડો કરી આવે, પછી ઉંમર થાય એટલે સ્થિરતા આવે, જવાબદારીનું ભાન થાય, જતું કરવાની ભાવના આવે એમ સત્સંગમાં પણ જોડાયેલો રહે તો ધીમે ધીમે નિષ્ઠા પરિપકવ થાય.

આપણે બધાએ દેવને રાજી કરવાના છે. મહારાજે આચાર્યનો મહિમા કહ્યો કે આચાર્ય અમારું સ્વરૂપ છે. તેમાં અમે રહ્યા છીએ વગેરે વગેરે..... પરંતુ આ ગાદી પર તો આચાર્યને પણ ક્યારેય પૂજાવાના કોડ નથી જાગ્યા. આચાર્ય પણ દેવના દાસ થઈને રહે છે અને જો પૂજાવા માંડે તો આ દેવ તેને પણ મંદિરની બહાર કાઢી મૂકે તેવા છે.

આજના દિવસે તમને બધાને જેમ અમારા કે પૂ.મોટા મહારાજશ્રીનો ચરણ સ્પર્શ કરવાની વિશેષ લાલચ રહેતી હોય છે. તેમ અમને પણ નરનારાયણદેવનો સીધો જ ચરણ સ્પર્શ કરવાની લાલચ રહેતી હોય છે. મહારાજ જ્યારે સંતોની પંક્તિમાં પીરસવા પધારતા ત્યારે સંતો જમીને તૃપ્ત થઈ ગયા હોય એટલે મહારાજ આગ્રહ કરે

અનુસંધાન પેજ નં. ૧૦ નું

સચવાયેલો રહ્યો છે. અને મન અર્પણ કરીને માથું ટેકવતા ભક્તજનનાં સર્વે સંકલ્પો પરિપૂર્ણ કરનારો "જાગતો ઊંબરો" છે ! જાણે કે કલ્પવૃક્ષ જ જોઈ લો ! બસ શ્રીહરિએ શરત માત્ર એકજ રાખી છે કે આપણે મન કર્મ વચને માત્રને માત્ર શ્રી નરનારાયણદેવનાં થઈને રહેવાનું છે. પૂર્ણ શ્રધ્ધા અને સંપૂર્ણ શરણાગતિ તથા શ્રી નરનારાયણદેવ અને શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુનું ઐક્ય આટલું સમજીને અતિ દૃઢ નિષ્ઠા રાખવાની છે અને પછી ઉપર દર્શાવેલ કોઈ પણ એક સંકલ્પ શ્રી નરનારાયણદેવને સમર્પિત કરવાનો છે. અને પછી જો જો આપણાં સર્વેના સંકલ્પો સંપન્ન થઈ ને એવું પ્રબળ પરિમાણ સર્જાશે કે આપણા આગામી બે મહોત્સવો

શ્રી નરનારાયણદેવ મહોત્સવ ૨૪-૧૨-૨૦૧૪ થી ૨૮-૧૨-૧૪ તથા શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દિ મહામહોત્સવ - સંવત ૨૦૭૮ ફાગણ સુદી તૃતિયા.

બન્ને મહોત્સવ અદ્વિતિય બનીને સત્સંગમાં મહોરી ઉઠશે !

તો પણ દૂધપાક કોઈ ન લે, લાડુ લઈ લે. કારણ શું ? દૂધપાક તો વાસણની ધારથી પીરસાય જ્યારે લાડુ મહારાજના હાથથી પીરસાય એટલે લાડુને મહારાજના હાથનો સીધો જ સ્પર્શ થયો હોય છે. હમણા જ ડોકટરે કહ્યું કે ઢીંચણની ગાદીની તકલીફવાળા સત્સંગી દર્દીઓ વધારે આવે છે. (યજમાન પરિવારના એક સભ્યને ઓપરેશન કરાવેલું તેના અનુસંધાનમાં) અમે કહ્યું કે આવે જ ને ! કારણ કે અમારા સત્સંગીને લાડુ ખાવા બહુ મળે એટલે પછી પેટને છાતી વધે, તેનો ભાર સીધો કમર અને ઢીંચણ પર આવે એટલે ઢીંચણ જાય પછી કમર અને ઢીંચણ દુઃખે, નિર્ગુણ સ્વામી જેવા વક્તા હોય એટલે કથાના શબ્દો જો ધ્યાનથી સાંભળીએ તો સીધા જીવમાં ઉતરી જાય. આટલું કહી સર્વેનું ખૂબ રૂડું થાય તેવી મંગળ કામના કરી હતી.

જેતલપુરધામમાં પુરશ્ચરણ સત્કર્મ આયોજન

વૃદાવનથી અધિક ભૂમિ જેતલપુરધામમાં પ્રસાદીની વાડીમાં શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયમાં અભ્યાસ કરતા ભૂદેવો દ્વારા વિષ્ણુયાગ, મારુતીયાગ, હરિયાગાદિ યજ્ઞો અને જનમંગલ, સર્વમંગલ, નારાયણ કવચ, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરે પુરશ્ચરણ પાઠ કરવામાં આવે છે. પુણ્ય ભૂમિને વિષે અધિકાધિક ફળ મેળવવા સત્સંગીઓને આવા કોઈ યજ્ઞાદિ સત્કર્મ તથા પાઠ કરાવવાની ઈચ્છા હોય તો વ્યાજબી કિંમતે અધિક ફળ મેળવવા શ્રીસ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય જેતલપુર પ્રસાદીની વાડીમાં સંપર્ક કરવો.

સંયોજક : પ્રાધ્યાપક વાસુદેવ ડી. પુરોહિત
મો. : ૯૪૨૭૦૩૩૭૮૦,
મહંત સ્વામી ૮૫૩૦૩૯૭૪૭૨

શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ધ્રાંગધ્રાના અંકના પ્રતિનિધિ પ.ભ. અનીલભાઈ દુધરેજીયા દ્વારા શ્રી સ્વામિનારાયણ અંકના ૨૦ આજીવન સભ્યો નોંધાયા છે. પ.પૂ. લાલજી મહારાજશ્રી ખૂબ જ રાજી થયા છે.

ખુશ ખબર..... ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ ખુશ ખબર.....



પ.પૂ.ધ.ધુ ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી
મહારાજની આજ્ઞાથી તેમજ મોટા
મહારાજશ્રીના આર્શીવાદથી તેમજ
ભાવિ આચાર્યશ્રી ૧૦૮ શ્રી વજેન્દ્રપ્રસાદજી
મહારાજના પાવન સાનિધ્યમાં
બાલવા ગામને આંગણે



ઉનાળુ વેકેશનમાં

ઉનાળુ વેકેશનમાં

ષટમ્

બાળ સત્સંગ શિબિર

ફી માત્ર : ૫૦/-

(વય મર્યાદા ૧૨ થી ૨૦ વર્ષ સુધી)

પ્રારંભ
તા. ૮-૦૫-૨૦૧૪
ગુરુવાર

પૂર્ણાહૂતિ
તા. ૯-૫-૨૦૧૪
શુક્રવાર

શિબિરના આકર્ષણો

- લાલજી મહારાજ સાથે સીધો વાર્તાલાપ
- સંપ્રદાયના મૂર્ધન્ય સંતોના પ્રેરક પ્રવચનો
- સત્સંગવર્ધક કાર્યક્રમો
- ઉત્સવોની વણઝાર
- પ્રેક્ટ્રીકલ પૂજાવિધી
- સત્સંગ પ્રશ્નોત્તરી
- પ્રસાદીના સ્થળોની મુલાકાત
- સાંસ્કૃતિક કાર્યક્રમો
- રમતોત્સવ
- પ્રભાતફેરી

આયોજક : શ્રી સ્વામિનારાયણ મંદિર તથા સમસ્ત સત્સંગ સમાજ બાલવા, ગાંધીનગર(ગુજરાત)

સંપર્ક

ભદ્રેશ-૯૭૩૭૧૭૮૩૮૫ રાજુભાઈ-૯૮૭૯૩૬૮૫૫૫

યોગેશ-૮૬૯૦૫૫૨૬૫૮

સ્થળ : શ્રી સ્વામિનારાયણ હાઇસ્કૂલ, બાલવા.

નોંધ : પ્રવેશ ફોર્મ શ્રી સ્વામિનારાયણ મંદિરની વેબસાઇટ www.swaminarayan.in પરથી મળશે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી

॥શ્રીઃ॥

લિખાવિતં સ્વામીશ્રી ૭ સહજાનંદજી મહારાજ જત શ્રી હવત્યુરેકૃત નિવાસ વિધ્વજન્નાગ્રણ્ય વિપેંદ્ર શિવ.... નારાયણ વાંચજો અપરંચ લખવા કારણ એમ.....

..... સપિંડને કરવાનો લખ્યો હોય તો અગ્રણ્યો હોય તે સામવેદી અને એને વિષે મરણક્રિયાનો વિધિ ન હોય તો ..... ગામમાં સામકી બ્રાહ્મણને ઘેર સપીંડીંકરણ વિધિ જેમાં લખ્યો હોય તે ..... હોય તો તે જરૂર મોકલજો એનો આપણે જરૂર બવ છે અને કૃત્ય ચિંતામણીમાં જો સપિંડીકરણનો વિધિ લખ્યો હોય તો એ ગ્રંથ જરૂર મોકલજો આ કામ અવશ્યપણે કરવાનું છે માટે કૃત્યચિંતામણીમાં એ પિંડીકરણનો વિધિ હોય તો એ ગ્રંથ તથા બીજી ..... બેયને મોકલજો. બીજું કોઈક સત્સંગી ..... તો તેની ભેલે આ ગ્રંથ મોકલજો અને ન આવતો હોય તો આ કામ સારુ જરૂર મોકલજો. એ ગ્રંથનો આપણે જરૂર કામ છે માટે કાગળ લખ્યો છે. તે સારુ એ કામ જરૂર કરજો. આલસ રાખશો મા. ॥ સંવત ૧૮૮૩ ના અષાઢ વદી-૧૨ ॥ લેખક શુકમુનિના નારાયણ વાંચજો.

સ્વયં શ્રીહરિએ લખાવેલ આ પત્રનાં સર્વે જનોને દર્શન થાય તે હેતુથી તે સ્વામિનારાયણ મ્યુઝિયમમાં હોલ નં. ૯ માં રાખવામાં આવેલ છે. સર્વે હરિભક્તો તેનાં દર્શન કરજ્યો.

પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)
પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.
મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.



શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - માર્ચ-૨૦૧૪

૧,૦૦૦૦૦/-	પ.ભ.ભીમજી દેવજી ટાંક મંજુલાબેન ભીમજી ટાંક - બોડકા ગામ
૧,૦૦૦૦૦/-	પ.ભ.પુનમભાઈ મગનભાઈ પટેલ - નવરંગપુરા (પ.પૂ. મોટા મહારાજશ્રીની પ્રેરણાથી)
૬૦,૦૦૦/-	બ્રહ્મભટ્ટ રૂપેશ - અમેરિકા.
૫૧,૦૦૦/-	અ.નિ.પ.ભ. નંદલાલભાઈ કોઠારી - અમદાવાદ (ભાલજી સાહેબ મંડળ) હ. જશવંતભાઈ અમુલભાઈ દોશી
૫૦,૦૦૦/-	પ.ભ.પ્રિતેશભાઈ પરમાર - કેનેડા
૩૦,૦૦૦/-	પ.ભ.શ્વેતાગૌરી પરમાર (ન્યુયોર્કવાળા)
૨૫,૦૦૦/-	પ.ભ.હરજી નાનજી હાલાઈ - ભુજ
૨૫,૦૦૦/-	શ્રી હરિ ટ્રેડર્સ - વડોદરા હ. લખમશીભાઈ માવજીભાઈ ભાવાણી
૨૫,૦૦૦/-	પ.ભ.શાલિન અરવિંદભાઈ દોંગા - બાપુનગર
૧૯,૮૧૫/-	શ્રી ધર્મકુળની ચરણ ભેટ
૧૧,૦૦૦/-	પ.ભ. ડો.પી.એમ. પટેલ -માણસા નરનારાયણ હોસ્પિટલ ચિ.પરાગ તથા રિનાના લગ્ન પ્રસંગે ભેટ
૧૧,૦૦૦/-	સાં.યો. કાંતાબેન (નારાયણપર) -કચ્છ
૧૦,૦૦૧/-	પ.ભ.હરજીવનદાસ કરશનભાઈ પટેલ અમદાવાદ
૭,૦૦૦/-	એક હરિભક્ત - અમદાવાદ
૫,૫૦૦/-	શ્રી સોનીરાજા (હ. પૂ. મોટાબેન) અમદાવાદ
૫,૫૦૦/-	શ્રી રૂપલ રાજા (હ. પૂ. મોટા બેન)અમદાવાદ
૫,૧૦૦/-	પ.ભ. રણછોડભાઈ એમ. પટેલ (ઘાટલોડીયા)
૫,૦૦૦/-	પ.ભ. પ્રણવ રજનીકાંત ત્રિવેદી - વેજલપુર (નવું મકાન લીધું તે પ્રસંગે)
૫,૦૦૦/-	પ.ભ. બિમલ પ્રવિણચંદ્ર પારેખ તથા ગૌતમભાઈ ખુશાલભાઈ મહેતા - અમદાવાદ-મુંબઈ

સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - માર્ચ-૨૦૧૪

તા. ૦૩-૦૩-૨૦૧૪	મ્યુઝિયમનો તૃતિય વાર્ષિક ઉત્સવ મુખ્ય યજમાનઃ પ.ભ. ચિમનલાલ મુળચંદભાઈ ભાવસાર પરિવાર હ. રશ્મિકાંતભાઈ ભાવસાર
	રસોઈના યજમાનઃ અ.નિ. ચંપાબેન ગંગારામભાઈ પટેલ હ. પ.ભ. ડો.ગંગારામભાઈ પટેલ
તા. ૧૦-૦૩-૨૦૧૪	પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રી
તા. ૧૨-૦૩-૨૦૧૪	શ્રી સ્વામિનારાયણ મંદિર - હ્યુસ્ટન
તા. ૧૭-૩-૨૦૧૪	કચ્છ સ.સ્વા. મંદિર - ઈસ્ટ લંડન
તા. ૨૩-૦૩-૨૦૧૪	શ્રી સ્વામિનારાયણ મંદિર - પંચવટી કલોલ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ૪૨માં પ્રાગટ્યોત્સવ નિમિત્તે

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com • email: swaminarayanmuseum@gmail.com



સત્સંગ બોલચાલિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

શ્રીહરિનું અલૌકિક ઐશ્વર્ય

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

ઉત્સવો અનેક પ્રકારે ઉજવાય છે. કેટલીકવાર ઉત્સવો માટે અગાઉથી તૈયારીઓ થતી હોય છે. તો કેટલીક વાર અચાનક પૂર્વ તૈયારી વગર ઉત્સવ થતાં હોય છે. આજનો ઉત્સવ અનેરો ઉત્સવ અચાનક ઉજવાયો.

વાત જાણે એમ છે કે સ્વામિનારાયણ ભગવાન વિસનગર પધાર્યા. હરિભક્તો વાજીંત્રો લઈને સામા આવ્યા. શ્રીજી મહારાજ કહે છે ભક્તો હમણાં નગરમાં પ્રવેશ નથી કરવો. કેમ મહારાજ ? જુઓ અહીં શું થાય છે? એક ઉત્સવ અહીં ભાગોળે ઉજવાવાનો છે. એ ઉત્સવ પતી જાય પછી આપણે શહેરમાં પ્રવેશ કરીશું. મહારાજ ક્યો ઉત્સવ ! પ્રભુ કહે છે એ તમે જોયા કરો.

વિસનગરની ભાગોળે, પિંડોરીયા તલાવની પાળે, આંબાના વૃક્ષ નીચે મહારાજ બિરાજ્યા. જ્યાં જ્યાં પ્રભુ બિરાજ્યા છે ત્યાં સ્મારકો છે. સંતો ભક્તો બધાં બેઠાં. ગામમાં ખબર પડી શોભારામને. નામ એવા ગુણ ! એને શોભાનો ગાંઠીયો સમજીને ફઈબાએ એવું નામ પાડ્યું હશે. જે ભજન ન કરે, જે ભક્તિ ન કરે, જે સેવા ન કરે, જે સદ્‌ગુણ ન સેવે, એ પછી શોભાના જ ગાંઠીયા. એમાં બીજું કાંઈ ન હોય. ઘણાં ગાંઠીયા નાસ્તામાં કામ લાગે ને ઘણાંય શોભાના હોય. તમે પ્લાસ્ટીકનાં ફળ જોયા હશે. બજારમાં મળે છે. કેળાંને, કેરીને, સંતરા ને ટામેટાં ને, બિલકુલ શોભાના ગાંઠિયા જેવા. ન એ સુધારવા કામ લાગે ન વધારવા કામ લાગે. આ શોભારામને ખબર પડી કે સ્વામિનારાયણ આવે છે. એટલે ઉદ્ધત જુવાનિયાને ઉશ્કેર્યા. સમાજમાં, ગામમાં જેને જે પ્રકારનાં માણસો જોઈએ એવા મળી રહે. પચાસ, સાંઈઠ જેટલા જુવાનિયાને તૈયાર કર્યા. અને કહ્યું અત્યારે ને અત્યારે સ્વામિનારાયણ તલાવની પાળે બેઠા છે. તોફાન કરો. મારા મારી કરી નાંખો. પણ કોને મારવા ? ત્યાં જે બેઠા હોય તેને ! જે હાથમાં હામા આવે એને. જોવાનું જ નહીં.

સ્વામિનારાયણ હોય તોય ડરશો નહીં. હું બેઠો છું. અને વિસનગરમાં આપણું રાજ છે. પછી બીક કોની. પચાસ સાઈઠ જણાને લાલચ આપી. તમે સ્વામિનારાયણને ને સાધુઓને એવા ખંખેરો ને હું પૈસા આપીશ. તમે જે માંગશો એ ઈનામ આપીશ. અને ટોળું છાકોટા ને પડકારા કરતું આવ્યું.

શ્રીજી મહારાજ શાંતિથી બિરાજ્યા છે. ભક્તોનું ધ્યાન ગયુ. ઓહો આતો સુબાએ મોકલેલું તોફાની ટોળું છે. મહારાજ કહે બધા શાંતિથી બેસી રહો. એ તો બાપડા તમને બધાને ખુશ કરવા આવે છે. મહારાજ ! આ તો બધા બહુ ઉદ્ધત છે. એમનો વિશ્વાસ ન કરાય. અમે ઉભા થઈ એમનો સામનો કરીશું. અમારા દેખતાં અમારા ઈષ્ટદેવનું કે અમારા સંતોનું અપમાન કરે ને અમે અહીં બેસી રહીએ ?

હે ભક્તો ! તમે શાંતિ રાખો. એ અમારું અપમાન કરે પછી ઊભા થજો. એ તો તમને ખુશ કરવા આવે છે.

પચાસ સાઈઠનું ટોળું ગાળો દેતાં દેતાં આવ્યા. શ્રીજી મહારાજ બેઠા છે. ભક્તો વ્યાકુળ છે. ગોકીરા ને પડકારા કરતું ઉદ્ધત ટોળું આવ્યું અને મહારાજે એ પચાસ સાઈઠના ટોળાની દૃષ્ટિ પરિવર્તન કરી નાંખી. પિંડોરીયા તલાવની પાળે કેટલાય વૃક્ષો હતાં. એટલે એમને વૃક્ષે વૃક્ષે સ્વામિનારાયણ ભગવાન દેખાય. અને લાકડીયો લઈ લઈને ઝાડના થડમાં મારવા માંડ્યા. અને ઉત્તર ગુજરાતની ભાષા એવી બોલવા મંડ્યા. દે અલ્યા, દે દેવા માંડો ! જાય નહીં ! છટકે નહીં ! એક એક ઝાડને બધાય તડાતડ લાકડીઓ મારે. આ રહ્યાં એ સાધુ ઊભા છે. આ સ્વામિનારાયણ પોતે છે. અને લાકડીઓ ફટકારે. અને આખી સભા બેઠી બેઠી હસે. શ્રીજી મહારાજ કહે જુઓ અમે કહેતાં તા'ને કે તમને ખુશ કરવા બાપડા આવે છે. જેમ નટ હોય એ સમાજને ખુશ કરવા માટે ખેલ કરે. જાદુગર સમાજને ખુશ કરવા માટે જાદુના પ્રયોગો કરે. એમ આ બિચારા જુવાનિયા તમને ખુશ કરવા માટે આ ખેલ કરે છે.

સ્વામિનારાયણ ભગવાને દૃષ્ટિ પરિવર્તન કરેલ તેથી એને વૃક્ષે વૃક્ષે ભગવાન દેખાય. અડધો કલાક એ પ્રયોગ ચાલ્યો. પછી થાકી ગયા. કારણ કે ઝાડની મજબૂત ડાળીઓમાં અને થડમાં લાકડીઓ મારો ને તો તમારીજ હથેળીમાં વાગે. અખતરો કરી જો જો. બધાના હાથ દુઃખવા આવી ગયા. શહેરમાં જઈને સુબાને કહ્યું સાહેબ અમે સ્વામિનારાયણને અને એના ભક્તોને ખૂબ માર્યા છે. પંદર દહાડા ઉભા નહીં થઈ શકે.

જ્યાં અહીં વાત કરતા હતા ત્યાં તો જય જયકારો સાથે સ્વામિનારાયણ ભગવાનની નગરયાત્રા આવી પહોંચી. અને સુબાના દેખતા દેખતા આખા વિસનગરમાં ચોરે ને ચોંટે સ્વામિનારાયણ ભગવાનનો જય જયકાર થવા લાગ્યો.

જ્યાં ભગવાન છે ત્યાં સદાય સુખ છે. સદાય આનંદ છે. ભગવાનનાં ચરણોમાં બેઠેલાને ક્યારેય કોઈ ભય હોતો નથી એ આજે વિસનગરનાં ભક્તોને સમજાઈ ગયું. માટે જીંદગીમાં સાવધાની રાખવી કે ભગવાનથી દૂર ન જવાય. અને ભગવાનના શરણમાં સદાય રહેવું. તો કોઈપણ અનિષ્ઠ કાંઈ પણ ઈજા પહોંચાડી શકતું નથી.

●

સર્વ કર્તા શ્રીહરિ

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

એકવાર શ્રીજી મહારાજ ભીમનાથ મહાદેવના મંદિર તરફ જઈ રહ્યા હતા. સાથે ભગુજી, સુરાખાચર, સોમલા ખાચર, મુળજી શેઠ વગેરે સાત અસવારો હતા. અને એ દિવસે ભીમનાથથી થોડે દૂર બે ગામથી વચ્ચેના વગડામાં કોઈ દ્વેષીએ મહારાજને મારવા માટે બસો માણસો મોકલેલા. મહારાજને મારવા માટે આવું કાવત્રું કરવાનું કારણ એ હતું કે થોડા સમય પહેલાં અલૈયા ખાચર અને આ દ્વેષીના ગુરુ ભેગા થયા હતા. અને એમણે મહારાજની નિંદા કરવા માંડી. ત્યારે અલૈયાએ કહ્યું, તું મહારાજની નિંદા કરવાની રેવા દે. નહિ તો હું તને મારીશ. ત્યારે તેણે વધુ નિંદા કરવા માંડી. ત્યારે અલૈયાએ તેને લાત મારી અને ઓટા ઉપરથી હેઠો પાડી નાખ્યો અને તેને વાગ્યું પણ ખરું. એ વાતની એના શિષ્યોને ખબર પડી કે અલૈયાએ અમારા ગુરુને લાત મારી છે તો અમારે પણ હવે અલૈયાના ગુરૂને મારવા છે. આવો મનસૂબો કરીને બસો માણસને સાથે લઈને રસ્તો રોકીને ઉભેલો.

શ્રીજી મહારાજ સાત અસવારો સાથે જ્યારે એ વગડામાંથી પસાર થતા હતા ત્યારે હથિયારબંધ આ બસો માણસને જોઈને ભગુજી બોલ્યા, હે મહારાજ ! આપણે સાંભળ્યું હતું કે કોઈ દુર્જને બસો માણસોને આગળ ઉભા રાખ્યા છે. એ જ આ બસો જણા છે ને આપણી પાસે તો સાત જ જણા છીએ. ભગુજીની વાત સાંભળી મહારાજ હસીને બોલ્યા, કાંઈ ફીકર રાખશો નહિ. ત્યાં તો હથિયાર બંધ એક હજાર માણસ કાળા ડગલાવાળા અને પાંચ પાંચ હાથ ઉંચા ભગુજીએ જોયા. તે મુળજી શેઠ વગેરે બાકીના છ જણ હતા તેને એ માણસો ન દેખાયા. પણ ઘણા માણસોને ગોકીરો થાય એ સંભળાય. હથિયારનો ખખડાટ સંભળાય અને આસપાસ માંથી બધા પસાર થતા હોય એવું પણ લાગે અને આ હજાર માણસોને પેલા દુર્જનના માણસોએ ભાળ્યા. અને બધા ભાગવા માંડ્યા. તે પડતા જાય. હાથમાંથી હથિયાર પણ હેઠા પડી જાય. અતિ વેગમાં દોડવા લાગ્યા. તે જોઈને મહારાજ મુખ આડો રૂમાલ દઈ અને હસવા માંડ્યા. અને એમ કહેવા લાગ્યા કે આ માણસો કેમ ભાગે છે ?

પછી શ્રીજી મહારાજ ભીમનાથ મહાદેવમાં પધાર્યા. તે મહાત્માજીની જગ્યામાં ઉતર્યા. મહાદેવજીનાં દર્શન કરી પાંચ રૂપિયા ભીમનાથ મહાદેવને ભેટ મૂક્યા. ભીમનાથના મહાત્માજીએ મેડા ઉપર ઉતારો કરાવ્યો. ખાવા પીવાની સરભરા કરી.

આ બાજુ દુર્જનના માણસો જે ભાગી ગયા હતા એ પાછા ભેગા થઈ અને બોલ્યા જે આ સ્વામિનારાયણની સાથે જે હજાર માણસો હતા એ ક્યાં દેશના હતા. અને ગામમાં ક્યા ઉતર્યા છે ? આટલા બધા માણસો આ નાના ગામમાં ક્યાં રહી શકે ? તપાસ તો કરો. પછી એમાંથી બે જણા ગામમાં આવી તપાસ કરવા માંડી ત્યારે ગામના માણસોએ કહ્યું, ના અહીં તો કોઈ આવ્યું જ નથી. અહીં તો કોઈ છે જ નહિ. પછી એ બે માણસોએ ભીમનાથના મંદિરમાં આવીને મહાત્માજીને પૂછ્યું કે સ્વામિનારાયણ ક્યાં ઉતર્યા છે ? અને એમના ભેગા એક હજાર માણસો હતા એ ક્યાં ઉતર્યા છે ? ત્યારે મહાત્માજીએ કહ્યું, કે

સ્વામિનારાયણ તો અહીં જ છે અને એના ભેગા સાત અસવાર છે. અને મેડા ઉપર ઉતર્યા છે. બાકી એની સાથે કોઈ માણસો નથી.

ત્યારે આ બે જણાએ કીધું ના, ના અમે નજરે જોયું છે. આશરે એક હજાર માણસ હથિયાર બંધ હતા. તે તમે સ્વામિનારાયણને પૂછી તો જુવો એ માણસો ક્યાં છે. ત્યારે મહાત્માજીએ પૂછ્યું. મહારાજ ! આ બે જણા પૂછે છે કે તમારી સાથે એક હજાર માણસો હતા. કાળા ડગલાવાળા હથિયારબંધ એ બધા ક્યાં છે ? મહારાજ કહે અમારા ભેગું તો કોઈ નથી. ત્યારે મહાત્માજીએ જવાબ આપ્યો કે સ્વામિનારાયણ ભગવાનની સાથે કોઈ નથી. સાત જણા જ છે. અરે પણ અમે ખરેખરા માણસોને જોયા છે. તમે ફરીથી જઈને સ્વામિનારાયણને પૂછો. વળી મહાત્માજી મહારાજ પાસે જઈને પૂછે છે કે આ લોકોને પાકા વાવડ મળ્યા છે કે તમારી સાથે હજારેક માણસો હતા અને તમે ના પાડો છો. આનું કેમ સમજવું ? ત્યારે મહારાજ બોલ્યા કે જુઓ મહાત્માજી આ ભીમનાથજીએ એને કાંઈક પરચો દીધો હશે. અને એને માણસો દેખાયા હશે. બાકી અમારી ભેગા તો આ સાત જણા છે. પછી આ બે જણે જઈને વાત કરી કે સ્વામિનારાયણની સાથે તો સાત જણા જ છે. એટલે આપણે તૈયાર થાઓ. હવે ભીમનાથ મંદિરમાંથી પાછા વળે ત્યારે એની વાત છે.

અને શ્રીજી મહારાજ ભીમનાથમાં રાત રોકાયા અને બીજે દિવસે ત્યાંથી પાછા વળ્યા અને એ વખતે આ બસો માણસનું ટોળું દ્રઢ નિશ્ચય કરીને તૈયાર ઉભું હતું કે સ્વામિનારાયણને આજે તો જવા જ ન દેવા. તો પહેલાની જેમ એક હજાર માણસો હથિયાર બંધ ભયંકર આકૃતિવાળા દેખાયા અને પાછા એ દોડવા માંડ્યા અને મહારાજે હસવા માંડ્યું. એ વખતે મૂળજી શેઠ, સુરા ખાચર એ બધા મહારાજની સાથે હતા એણે પણ હજાર માણસોનો ઘોંઘાટ સાંભળ્યો ત્યારે સુરાખાચરે પૂછ્યું, કે મહારાજ ! આ માણસો બધા એકાએક ભાગવા માંડ્યા અને અમારી આજુબાજુ ઘોંઘાટ થાય છે આ બધું શું છે ? ત્યારે શ્રીજી મહારાજ કહે એ તમે ભગુજીને પૂછો. ભગુજી ને પૂછ્યું, ત્યારે ભગુજીએ સૌને બધીજ વાત કરી. જે સાંભળી સૌ રાજી થયા.

લોકમાં કહેવત છે કે ''ધાર્યું ધણીનું થાય'' ધણી એટલે પરમાત્મા, જેને ભગવાનનો આશરો હોય તેનો પણ કોઈવાળ વાંકો ન કરી શકે તો પછી એ પરમાત્માની આગળ આવા દુર્જન પામર જીવનું શું ગજું કે ભગવાનને કાંઈ કરી શકે. માટે ભગવાનનો દૃઢ આશરો રાખી ભજન કરીએ તો ભગવાન સદાય આપણી સહાય કરે.

સાભાર સ્વીકાર (નવું પ્રકાશન)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી પૂજ્ય સા.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી દ્વારા સંશોધિત શ્રી ગોરધનભાઈ વી. સીતાપરાએ લખેલ અને આપણા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમથી પ્રકાશિત ''શ્રીહરિ ચરિત્ર'' (ઉતરાર્ધ) પુસ્તક આપણા સાહિત્ય કેન્દ્ર અને સ્વામિનારાયણ મ્યુઝિયમના સાહિત્ય કેન્દ્ર પરથી મળી શકશે.

નિઃશુલ્ક એડમીશન

આદિ આચાર્ય પ્રવર પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી સંસ્થાપિત શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય જેતલપુરમાં સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી (ગુજરાત સરકાર)ના અભ્યાસક્રમમાં ધો. ૯ થી એમ.એ. સુધીના વર્ગો છે. તેમાં છાત્રાલય અને ભણવાની તમામ સુવિધા નિઃશુલ્ક (મફત) શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુરધામથી આપવામાં આવે છે. આગામી વર્ષે ધો. ૮ પાસ વિદ્યાર્થીઓને નવા એડમીશન આપવામાં આવશે. તો **સંપ્રદાયમાં મફત સુવિધા આપતી એકમાત્ર સંસ્કૃત મહાવિદ્યાલયમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા લાભાર્થીઓને યોગ્યતાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.**

તા. ૧-૫-૧૪ થી ૫-૫-૧૪ દરમ્યાન ઓરિજનલ માર્કસીટ લઈને ઈન્ટરવ્યુ માટે આવવું.

સ્થળ : શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય,
જેતલપુરધામ (પ્રસાદીની વાડી)

પ્રધાનાધ્યાપક મો. : ૯૮૨૫૩ ૪૭૯૬૯ (ડૉ. મિશ્ર)
પ્રાધ્યાપક મો. : ૯૪૨૭૦૩૩૭૮૦ (વી.ડી. પુરોહિત)

ભક્તિસુધા

(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)

"સત્સંગની પ્રાપ્તિ થયા પછી પુરુષાર્થ કરવો પડે છે"

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

આપણે કથા વાર્તા કરીએ છીએ તેના પાછળનો મુખ્ય હેતુ શું છે ? તો આપણામાં રહેલા દોષો દૂર કરવાનો. ભક્તિ તો થાય છે પરંતુ આપણા અંદર રહેલા દોષો દૂર થતા નથી. કેમ કે ? આપણે આપણામાં રહેલા દોષોને આપણો સ્વભાવ બનાવી દીધો છે ! આપણા અંતરમાં જગ્યા આપી દીધી છે. દોષોને આપણા અંતરમાં જગ્યા ક્યારે મળી જાય ? આપણી અંદર ટકીને કેમ રહી જાય છે? આપણે જાણીએ છીએ કે આ મારી ભૂલ છે. છતાં પણ તે ભૂલનો પસ્તાવો નથી કરતાં અને એક ને એક ભૂલ વારંવાર કરીએ છીએ. અને એક ને એક ભૂલ વારંવાર થતા તે ભૂલ દોષમાં પરિવર્તિત થઈ જાય છે. અને તે દોષ બનીને આપણા સ્વભાવ સાથે વણાઈ જાય છે. અને તે આપણો સ્વભાવ બની જાય છે.

જેમ સૃષ્ટિ ઉત્પન્ન થાય છે. અને વિનાશ પણ થાય છે. તેવી રીતે આપણામાં રહેલા દોષો પણ કાયમ માટે રહેતા નથી. તેનો પણ નાશ થઈ શકે છે. વિષય વાસના રાગ-દ્વેષ, વેર, ઝેર, ઈર્ષા એ બધું આપણામાં કાયમ માટે હોતું નથી. અનિત્ય છે. છતાં પણ આપણે તેને નિત્ય બનાવી દઈએ છીએ. જો નિત્ય જ હોય તો અત્યારે તમે બધા અહીંયા શાંતિથી સત્સંગમાં બેઠા છો. બધાના અંતરમાં લગભગ સત્ત્વગુણ વર્તતો હશે. બધાને શાંતિ લાગે છે ને ? આ બધા દોષો જો કાયમી હોય તો અત્યારે પણ હોવા જોઈએ. અને જો હોય તો આપણને શાંતિ લાગે નહિ. આપણને ખબર છે કે આ બધા દોષો છે તે ન હોવા જોઈએ. છતાં પણ આપણે તેને આદર સત્કાર આપીને આપણી અંદર જગ્યા આપી દઈએ છીએ. એટલે પૃષ્ટ થઈ જાય છે. અને નીકળતા નથી. આપણે આપણામાં રહેલા દોષોને એટલું બધું પોષણ આપી દઈએ છીએ કે છેલ્લી ક્ષણ હોય તો પણ આપણામાંથી જતા નથી. આપણે ઘરમાં કૂતરા પાળીએ છીએ અને તેનું ધ્યાન પણ રાખીએ છીએ. સિંહ અને દિપડાને ઘરમાં રાખીએ છીએ ? નહિ ને ? કેમ કે આપણને ખબર છે કે તે આપણને નુકશાન પહોંચાડશે. તેમ આપણી અંદર સારા અને નરસા બન્ને વિચારો હોય છે. જેને વધારે મહત્ત્વ આપીએ તે પૃષ્ટ થાય છે. દેહને વધારે ધ્યાન આપીએ તો દેહ પૃષ્ટ થાય છે. આપણે આપણું જીવન કઈ દિશામાં લઈ જવાનું છે તે આપણે નક્કી કરવાનું છે. આપણું શરીર કચરો ભરવાનું સાધન નથી. પરંતુ પરમાત્માને પ્રાપ્ત કરવાનું સાધન છે.

આપણી અંદર ગુણ-દોષો રહેલા છે તે શેના પરથી ખબર પડે છે. તો આપણા આત્મામાં પરમાત્મા રહેલા છે. તે સનાતન સત્ય છે. તેના જ્ઞાન અને પ્રકાશથી ખબર પડે છે. તો જ્ઞાન અને પ્રકાશ ક્યારે થાય છે ? સત્સંગના માધ્યમથી આપણા આત્મા પર રહેલા કચરારૂપી આવરણો દૂર થાય ત્યારે જાગૃતિ આવે છે. આપણને ખ્યાલ આવે કે આ મારી ભૂલ છે. ત્યારે જાગૃત થઈ જવું જોઈએ. તેનો પસ્તાવો કરવો જોઈએ અને ફરીથી હું આવી ભૂલો નહિ કરું તેવું નક્કી કરવું જોઈએ. અને ફરી પાછી ફરીથી એ જ ભૂલ થાય તો ફરીથી ભૂલનો પસ્તાવો લઈ ફરીથી નક્કી કરવું જોઈએ કે હું ફરીથી ભૂલ નહિ કરું. જેમ ભૂલો વારંવાર કરી છે અને તે દોષ બનીને આપણા સ્વભાવમાં છે. તેમ ભૂલોને કાઢવા પ્રયત્ન પણ વારંવાર કરવો પડશે. સારો સંગ મળવો તે ભગવાનની કૃપા છે. પરંતુ સારો સંગ મળ્યા પછી સારો અભ્યાસ કરવો તે આપણો પ્રયત્ન છે. માટે સત્સંગ પ્રાપ્ત થયા પછી રાત-દિવસ અભ્યાસ કરવો પડે ત્યારે આપણામાં રહેલા દોષો દૂર થાય છે. માટે પુરુષાર્થ તો કરવો જ પડે. પુરુષાર્થ કર્યા વગર ભગવાન પણ મદદ કરતા નથી.

જેમ આપણે આ સંસારને અને આપણા શરીરને શાશ્વત માની લઈએ છીએ તેમ આપણા ગુણ-દોષોને પણ શાશ્વત માની લઈએ છીએ. ઉત્પન્ન અને નષ્ટ ન થાય તેવી બે જ વસ્તુ છે. 'આત્મા' અને 'પરમાત્મા' અને બે જ વસ્તુ છે જે નષ્ટ થવાની છે. 'સંસાર' અને 'શરીર'. આત્મા-પરમાત્માનો સંબંધ સંસાર જોડે નથી. આત્મા પરમાત્માનો અંશ છે. અને શરીર સંસારનો અંશ છે. માટે સંસારનો સંબંધ શરીર સાથે છે. માટે શરીરને

સંસારની સેવામાં લગાડી દેવાનું, અને પોતાની જાતને (પોતાની જાત એટલે આત્મા) પરમાત્માની સેવામાં સમર્પિત કરી દેવાની. શરીર એક માધ્યમ છે. જેના દ્વારા પરમાત્માની પ્રાપ્તિ થઈ શકે છે. શરીરની પણ સેવા કરવાની એટલે શરીર ને સ્વચ્છ રાખવું. શરીર રૂપી પગથીયાં ચડીને પરમાત્માને પ્રાપ્ત કરવાના છે. પરમાત્માને પ્રાપ્ત કરવાનું સાધન જ પવિત્ર ન હોય તો સાધ્યની પ્રાપ્તિ થતી નથી. શરીર પ્રત્યે આસક્તિ નહિ રાખવાની. દેહ પ્રત્યે આસક્તિ આવે છે. તે મોક્ષ માટે મોટામાં મોટી બાધક વસ્તુ છે. પોતાની જાતને શરીરથી પર આત્મા તરીકે જાણવાની આસક્તિ એટલે દેહ પ્રત્યેનું આકર્ષણ હોય તેને શરીરની આસક્તિ કહેવાય અને સંસાર પ્રત્યેનું આકર્ષણ હોય તેને સંસારની આસક્તિ કહેવાય અને ભગવાન પ્રત્યેનું આકર્ષણ હોય તેને ભક્તિ કહેવાય. આત્માથી પરમાત્મા જોડે જોડાવાનું છે. સંસાર નાશવંત છે. તેમ શરીર પણ નાશવંત છે. જે સત્ય છે તેની સાથે જોડાવાનું છે.

●

ભગવાનની ભક્તિ એટલે શું

- સાં.યો. કુંદનબા ગુરુ સાં.યો. કંચનબા (મેડા)

ભગવાનની ભક્તિ કરવાથી પ્રારબ્ધ ભોગવવામાં ઘણી જ રાહત થાય છે તે હકીકત છે. શાસ્ત્રો અને સંતો તેની સાક્ષી પૂરે છે. પરંતુ ભગવાનની ભક્તિ એટલે શું ? તે સ્પષ્ટ સમજી લેવું જોઈએ.

ભગવાનની ભક્તિ એટલે ભગવાનનું કહ્યું કરવું. વ્હાલા ભક્તો ! આપણે આપણા બાપની ભક્તિ કરીએ, તેમનું નામ લીધા કરીએ, તેમના ગુણ ગાયા કરીએ, પરંતુ તેમનું કહ્યું ના કરીએ, તેમની આજ્ઞાનું પાલન ના કરીએ તો આપણે આપણા બાપની ભક્તિ કરી ગણાય જ નહિ. ઉલટું આપણા ઉંધાં કર્મથી આપણે તેમને ઉદ્વેગ કરાવીએ છીએ.

ધર્મથી ભગવાનની આજ્ઞા પ્રમાણે ચાલે નહી અને ભગવાનની ભક્તિ એટલે માત્ર તેમનું નામ લેવું, ગુણ ગાવા, તિલક-ચાંદલો કરવો કે મંદિરમાં દર્શન કરવા જવું વગેરે એટલું જ સમજે તો તે ભક્તિ ગણાય જ નહિ, માત્ર આખી રાત કાંસી જોડાં કૂટવાથી ભગત થવાતું નથી. ભગવાને ભક્તના લક્ષણો અનેક શાસ્ત્રોમાં ગણાવ્યા છે. તેમાં ભગવાને એવું નથી કહ્યું કે જે ચાર ફૂટની ચોટલી રાખશે, અગર તો દોઢ ફૂટની દાઢી રાખશે અગર જાડાં લૂગડાં પહેરશે તે જ મારો ભક્ત ગણાશે. ભક્તના લક્ષણો ભગવાને સ્વમુખે ગીતામાં નીચે પ્રમાણે ગણાવ્યા છે. "જે સર્વ જીવપ્રાણી માત્રમાં દ્વેષભાવ વિનાનો, વિના સ્વાર્થે સૌનો પ્રેમી અને કોઈ પણ હેતુ વિના દયા ભાવ રાખનારો છે. તથા મમત્ત્વ વિનાનો, અહંકાર વિનાનો, સુખ-દુઃખોની પ્રાપ્તિમાં સમ અને ક્ષમાશીલ છે એટલે કે અપરાધ કરનારને પણ અભય આપનારો છે તથા જે યોગી નિરંતર સંતુષ્ટ છે, મન - ઈન્દ્રિયો સહિત શરીરને વશમાં કરી રાખેલ છે અને મારામાં દૃઢ નિશ્ચયવાળો છે અને જેના મન-બુદ્ધિ મારામાં અર્પેલ છે તે મારો ભક્ત મને પ્રિય છે."

વ્હાલા ભક્તો ! આમાનું એક પણ લક્ષણ આપણામાં ન હોય તો શું આપણે આપણી જાતને ભક્તમાં ગણાવી શકીએ ? અને ભગવાનને વ્હાલા થઈ શકીએ જ નહી. આપણે ભગવાને કહેલાં ભક્તોના લક્ષણો ધરાવતાં હોઈએ તો જ આપણે તેમનાં પ્રિય ભક્ત બની શકીએ અને તો જ નરસિંહ મહેતા, મીરાબાઈ, ભક્ત પ્રહલાદ, અગત્રાઈના પર્વતભાઈ, બંધીયાના ડોસા વાણીયા, સુંદરીયાણાના હેમરાજ શાહ, લીંબડીના મૂળજી શેઠ વગેરે ઘણા ભક્તોની માફક આપણને પણ ભગવાન પ્રારબ્ધ ભોગવવામાં મદદ કરે. તેમ છતાં ભગવાન તો જગતના પિતા છે તે તો દયાના સાગર છે. આપણે બિમાર પડીએ તો તેનું દર્દ તો થાયજ તે દર્દ બીજા કોઈ લઈ ન શકે. તે દર્દ તો આપણે ભોગવવું જ પડે છે. બરાબર એજ રીતે માણસ ભગવાનની આજ્ઞાઓનું ઉલ્લંઘન કરીને કુકર્મ કરે તો તે પાકીને પ્રારબ્ધરૂપે સામું આવે તે પ્રારબ્ધ તો તેને જાતે જ ભોગવવું પડે છે. તેમાં કર્મના કાયદાના અમલમાં જગત્પિતા હસ્તક્ષેપ ન કરે.

વ્હાલા ભક્તો ! હરિનામ તો સંસાર ચક્રમાં ફસાયેલા જીવને ભવસાગરમાંથી મુક્તિ અપાવે છે. તેવું સંતો કહે છે. જેનાથી જીવનો મોટામાં મોટો રોગ જેને ભવરોગ કહે છે તે મટી જાય છે. આ વાત સાચી છે, પરંતુ હરિનામ આયુર્વેદિક દવા જેવી છે. અલોપેથિક દવા કરતા હો તો તેમાં ચરી પાળવાની હોતી નથી. તમે તમારે ઈન્જેકશન લીધા કરો. ગોળીઓ ખાધા કરો અને સાથે તેલ, મરચું , આંબલી પણ ખાધા કરો. એલોપેથિકમાં ચરી પાળવાનો આગ્રહ હોતો નથી. પરંતુ આયુર્વેદિક દવામાં બહુ જ કડક

ચરી પાળવી પડે અને ચરી પાળવામાં જરા પણ ચૂક થઈ જાય તો દવા ફુટી નીકળે અને દર્દી ઉલટી અવક્રિયા કરે. એલોપેથિક દવા દર્દને દબાવે અને તાત્કાલિક રાહત આપે પરંતુ રોગોને જડમૂળમાંથી ઉખાડી શકે નહિ, જ્યારે આયુર્વેદિક દવા કડક ચરી પળાવે અને ધીમે ધીમે પણ રોગને જડમૂળમાંથી કાઢે. હરિનામ પણ આવું અમોઘ આયુર્વેદિક ઔષધ જેવું છે. જીવને જે ભવરોગ લાગુ પડ્યો છે તેનો તે જડમૂળમાંથી જ નાશ કરે છે અને જીવને ફરીથી પ્રારબ્ધ ભોગવવા જન્મ મરણના ચક્કરમાં પડવા દે નહિ. તેનો મોક્ષ જ કરાવે. પરંતુ તે ઔષધ વાપરવામાં કડક ચરી પાળવી પડે. સત્‌શાસ્ત્રોમાં સંતોએ આવી ચરીઓની યાદી આપી છે. જેમ કે, અસત્ય ન બોલવું, કોઈની નિંદા કરવી નહિ, એક પણ વ્યસન કરવું નહી. પોતાના વખાણ કરવા-સુણવાં નહીં, પરધનને પથ્થર સમાન માની તેને કદી લેવું નહી, પરસ્ત્રીને માતા સમાન માની તેની ઉપર કદી કુદૃષ્ટિ કરવી નહીં, હું મોટો, હું પૂજ્ય એવું અભિમાન કરવું નહીં, કોઈની ઉપર ઈર્ષા કરવી નહીં. વગેરે ઘણી ચરીઓ છે.

જો ઉપરની ચરીઓ ના પાળીએ તો આખી જિંદગી હરિનામ લીધા કરીએ અગર લખ્યા જ કરીએ તો તે બધું નિરર્થક છે. ઉલટાનું તેનાથી માણસમાં મિથ્યાચાર આવી જાય છે અને તે તેને નુકસાન કરે છે. શાસ્ત્રોમાં સંતોએ બીજી એક જબરજસ્ત ચરી બતાવી છે. તે ચરી આ પ્રમાણે છે.

"હું હરિનો હરિ છે મમ રક્ષક,
એહ ભરોંસો જાય નહિ.
જે હરિ કરશે તે મમ હિતનું,
એ નિશ્ચય બદલાય નહીં."

વ્હાલા ભક્તો ! ભગવાનને પ્રિય એવા ભગવાનના ભક્તના લક્ષણો આપણામાં આવે અને આપણે ભગવાનને પ્રિય બની શકીએ એવી આપણા સૌના ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણોમાં તથા આપણા બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના શ્રીચરણોમાં પ્રાર્થના કરી તેમનો રાજીપો પ્રાપ્ત કરીએ.

●

ભક્તના પ્રકાર

- સાં.યો. કોકિલાબા (સુરેન્દ્રનગર)

શ્રીમદ્ ભગવત ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને ઉપદેશ આપતા કહ્યું છે કે, "ભક્તો ચાર પ્રકારના હોય છે. (૧) આર્ત ભક્ત (૨) જીજ્ઞાસું ભક્ત (૩) અર્થાથી ભક્ત (૪) જ્ઞાની ભક્ત. આ ચાર પ્રકારના પુણ્યશાળી ભક્તો મારે શરણે આવે છે. અર્થાત્ મને ભજે છે. બીજા આસુરી પ્રકૃતિના માણસો મારે શરણે આવતા નથી. તેથી હું તેમને આસુરી યોનિમાં વારંવાર નાખું છું. (જન્મ આપું છું.) તેમાં જ્ઞાની ભક્ત તો મારો આત્મા જ છે. એમ હું માનું છું. કારણ તેને કોઈપણ પ્રકારની સ્પૃહા નથી. નિષ્કામ ભાવથી મારી ભક્તિ કરે છે." હવે આપણે આ વિષે થોડો વિચાર કરીએ.

(૧) આર્ત ભક્ત : દુઃખી ભક્ત પ્રભુને શરણે જાય છે. તથા પ્રભુને ભજે છે. અને આશા રાખે છે. દુઃખના નિવારણ અર્થે પ્રભુને ઘણા કરૂણા ભાવથી યાદ કરતો હોય તે આર્ત ભક્ત કહેવાય છે. કેટલા જન્મોનું પુણ્ય પ્રગટ થાય ત્યારે ભગવાનને ભગવાનના ભક્તોનો સુયોગ થાય છે. ને ભગવાનની ભક્તિ કરી શકાય છે. ભગવાનનું ભજન કરવું એ સહેલું નથી. ભગવાનને સર્વસ્વ સોંપી દેવું. ભગવાન ઉપર શ્રધ્ધા રાખવી, ભગવાનમય બની જવું ને ભક્તિ કરવી એતો પુણ્યશાળી આત્માનું કામ છે. બીજા જીવોને ભક્તિમાં રસ પડે નહી. ભક્તિ વગરનાને માયિક જીવ કહે છે. અને ભક્તિવાળાને પુણ્યશાળી જીવ કહેવાય છે. જેમ પુણ્ય વધતું જાય તેમ જ્ઞાન થતું જાય ને જેમ જ્ઞાન થતું જાય તેમ માયા છુટતી જાય. જેમ માયા છૂટે તેમ ભગવાનની ભક્તિ શરૂ થાય. જેમ ભગવાનની ભક્તિ શરૂ થાય એટલે મુક્તિ દ્વાર ખુલી જાય એટલે પ્રભુનું દર્શન થાય એજ જીવનનું અંતિમ ધ્યેય છે. મુક્ત થયા એટલે આધિ-વ્યાધિ-ઉપાધિ ટળી જાય. ને સુખ-શાંતિ મળે. માટે નિષ્કામ ભક્તિ કરવી જોઈએ તો અક્ષરધામમાં રહેવાય. પણ સકામ ભક્તિ કરીએ અને દુઃખ ટાળી સુખની આશા રાખીએ તો પછી તેનું ફળ સુખરૂપે મળે છે. પણ મુક્તિ ન મળે. સુખ ભોગવી પુણ્ય ખુટે ત્યારે પાછા હતા તેવાને તેવા થવાય. પાછા ફરી ભક્તિ કરી સુખ પ્રાપ્ત કરવું. આમ ઘટમાળ ચાલ્યા કરે તેનો અંત આવેજ નહિ. દ્રૌપદી, ગજરાજ, સુધન્વા વિગેરેએ દુઃખ નિવારણ અર્થે પ્રભુને

યાદ કર્યા હતા. પણ કાયમનું દિવ્ય સુખ પ્રાપ્ત થયું નથી.

(૨) જીજ્ઞાસું ભક્ત : જે રાત્રિ-દિવસ પ્રભુને શોધવામાં જ મચેલો રહે છે તે જજ્ઞાસું ભક્ત કહેવાય. જેમ કે સાધના કરનારા ઋષિ મુનિઓ, પરિક્ષિત રાજા વિગેરે. જીજ્ઞાસુ ભક્તને આત્મા-પરમાત્માના જ્ઞાન વિષે જાણવાની ઈચ્છા રાખે છે. ને ભગવાનને ભગવાનના ધામ વિષે જાણવાની ઈચ્છા થાય છે. આવો સુવિચાર આવે એવા જીવો પુણ્યશાળી ગણાય છે ને ભગવાનનો ભક્ત ગણાય છે. આ બધું જ્ઞાન પામી જ્યાં સુધી વૈરાગ્ય ના આવે ત્યાં સુધી ભગવાનની ભક્તિથી સુખ મળશે પણ મુક્તિ મળશે નહિ. માટે વૈરાગ્યનું અંગ રાખવું જોઈએ. અધ્યાત્મ જ્ઞાન મેળવી ભક્તિમય જીવન જીવી પ્રભુને રાજી કરી મુક્તિ મેળવવી જોઈએ.

(૩) અર્થાથી ભક્ત : જે શરીર સુખ, સ્ત્રી સુખ, પુત્ર સુખ, રાજ્ય સુખ અને બીજા સાંસારિક પદાર્થોની પ્રાપ્તિ માટે પ્રભુને યાદ કરે છે તે અર્થાથી ભક્ત કહેવાય છે. જેમ કે ધ્રુવ, વિભીષણ, સુગ્રીવ આદિ. ધનની ઈચ્છાવાળા ભક્તો ભગવાનને ભજે છે અને તેઓ ભગવાનને પ્રિય છે. કારણ પુણ્ય ભેગું થયું હોય ત્યારે જ ભગવાનને ભજાય છે ને ભગવાનનો રાજીપો પ્રાપ્ત થાય છે. ભગવાન રાજી થઈ ધન, માલ, મિલકત સર્વે આપે છે. પણ પોતે જ ભોગવે રાખે તો પુણ્ય ખૂટે પાછા હતા તેવાને તેવા થઈ જવાય. પણ જો ધન, માલ, મિલકત પ્રાપ્ત થયા પછી તેનો સદુપયોગ કરીએ, પરમાર્થે અને પ્રભુ પ્રસન્નતાને અર્થે વાપરીએ સાર્વજનિક ઉપયોગી કાર્યોમાં વાપરીએ તો તેના પુણ્ય પ્રતાપે વધુ સખી થઈએ ને મોક્ષ પ્રાપ્ત કરી શકીએ. શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે કે ભગવાને આપેલું ભગવાન અર્થે વાપરે અને ભગવાનના ભક્તોના અર્થે વાપરે પછી પોતે ભોગવે તો પોતે નિર્ગુણ થાય છે. અને નિર્ગુણ સંપત્તિનો ઉપભોગ કરવાથી ભક્તિ ટળી રહે છે. ને ભગવાનના ધામને પમાય છે. પણ ભગવાને આપેલું ભગવાનને અર્પણ કર્યા વગર પોતે જ તેનો ઉપયોગ કરે છે તો ભગવાનનો ચોર ગણાય છે. શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં લખ્યું છે કે પોતાની આવકનો દસમોં ભાગ અથવા વિસમો ભાગ અર્પણ કર્યા પછી તે નિર્ગુણ બને છે. અને તેવી સંપત્તિનો ઉપયોગ કરવાથી પાપ લાગતું નથી. તથા બુદ્ધિ ભ્રષ્ટ થતી નથી. સંતોષ રાખવો. સંતોષથી જ સુખ થાય છે. અસંતોષથી તો દુઃખ થાય, કલેશ થાય, ને લોભ વધતો જાય છે ને ઉપાધિઓ આવે છે. માટે સંતોષ રાખવો અને ધર્મદાન, પુણ્યદાન દ્વારા તેનો સદુપયોગ કરવો. આવો ભગવાનનો ભક્ત હોય છે તે ભગવાનનો વહાલો હોય છે. માટે ભગવાનને પ્રિય એવા ભક્ત બનવું હોય તો ધર્માદો કાઢી મંદિરમાં દેવને અર્પણ કરવો ને સર્વજીવ હિતાવહ કાર્યો કરવા.

(૪) જ્ઞાની ભક્ત : જ્ઞાની ભક્તને આત્મા-પરમાત્માનું જ્ઞાન હોય છે. સત્ય-અસત્યનું ભાન હોય છે. માયામાં મોહ પામતો નથી. સંસારથી વિરકત રહે છે. મહાત્મ્ય, જ્ઞાન, વૈરાગ્ય યુક્ત ને ધર્મે સહિત ભક્તિ કરે છે. ને નિષ્કામ ભાવે ભક્તિ કરે છે ને પ્રભુમય હોય છે. તન-મન-ધન સાચા અર્થમાં પ્રભુને અર્પણ કરી દે છે. સ્વામી-સેવક ભાવ રાખીને પ્રભુની સેવા પૂજા કરે છે. પ્રભુની આજ્ઞામાં રહે છે. સદાચાર પાળે છે. જીવનનો બને તેટલો સમય પ્રભુની ભક્તિમાં ગાળે છે. સંસારમાં પ્રભુના પ્રતિનિધિ તરીકે જ પોતાની ફરજ અદા કરે છે. પોતે ગુણાતીત બનીને રહે છે. જ્ઞાનીમાં દયા, ક્ષમા, પરોપકાર, સહન શીલતા, સુશીલતા, વિનય, વિવેક, સંતોષ વિગેરે સદ્‌ગુણો હોય છે. આવી રીતે પ્રભુ ભક્તોને આત્મનિવેદી ભક્તો કહે છે. આવા ભક્તોનું ભગવાન દિવ્ય શક્તિથી રક્ષણ કરે છે. ને દિવ્ય સ્વરૂપે પધારે છે.

જ્ઞાન જેવું કંઈ ઉત્તમ સાધન નથી. તેમાં આધ્યામિક જ્ઞાન તો અતિ ઉત્તમ છે. પોતપોતાનું જેવું અંગ હોય તે પ્રમાણે ભક્તિ કરવી. પણ સૌથી ઉત્તમ નિષ્કામ ભક્તિ છે. નિષ્કામ ભક્તિ કરે તે જ ઉત્તમ જ્ઞાની ભક્ત શ્રીસ્વામિનારાયણ ભગવાને જડ ભરત, સનતકુમાર, નારદ વિગેરે જેવી નિષ્કામ ભક્તિ વખાણી છે. એ ઉપરાંત મીરાબાઈ, નરસિંહ મહેતા, તુકારામ, તુલસીદાસ, જ્ઞાનેશ્વર, માંધવા ચાર્ય, શંકરાચાર્ય ઈત્યાદિક અનેક સંતો થઈ ગયા છે. જે જન્મથી જ ભક્ત હતા. પોતાના હિત માટે તો ગમે તે મનુષ્ય મારી ભક્તિ કરે છે. હું તો માત્ર જ્ઞાની ઉપર જ પ્રીતિ રાખું છું.

દ્રૌપદીને વસ્ત્ર હરણનું દુઃખ આવ્યું ત્યારે ભગવાનને આર્તનાદથી પોકાર્યા. ભગવાને આવી ચીર પૂર્યાને

દ્રૌપદીની લાજ રાખી. તો દ્રૌપદી આર્તભક્ત કહેવાય. ધ્રુવને ભગવાન કેવા છે ને ક્યાં છે ને કેવી રીતે મેળવી શકાય તે જાણવાની ઈચ્છા થઈ ને વનમાં ગયા. નારદજીની આજ્ઞા પ્રમાણે તપ કર્યું. ભગવાન મેળવ્યા તો જીજ્ઞાસું ભક્ત કહેવાયા. સુદામાજી ધનની ઈચ્છાવાળા અર્થાથી ભક્ત કહેવાયા. અને પ્રહલાદજીએ ગર્ભાવસ્થામાં નારદજી દ્વારા નારાયણ સંબંધી જ્ઞાન મેળવ્યું હતું અને જન્મ્યા પછી નારાયણના પાકા ભક્ત થયા તો પ્રહલાદજી જ્ઞાની ભક્ત કહેવાય છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં તેમજ સત્સંગમાં ત્યાગી તથા ગૃહી વર્ગમાં એવા નિષ્કામ ભક્તોની સંખ્યા વધતી જાય એવી શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના છે.

●

"પાખંડનો પડદો ચિરાયો"

- પટેલ લાભુબેન મનુભાઈ (કુંડાળ, તા. કડી)

શ્રીજી મહારાજમાં ઉંડી શ્રધ્ધા રાખનાર ભક્ત સમક્ષ પ્રભુ સ્વયં હાજર થાય છે. અંધ શ્રધ્ધાળુ અનેક દેવદેવીના પૂજક, ઠગ કે પાખંડી જનો પ્રભુને અપ્રિય છે.

એક દિવસ માનકુવા ગામમાં પ્રભુ વિરાજમાન હતા. ભક્તવૃંદ પ્રભુના ઉપદેશનું અમૃતપાન કરી રહ્યો હતા. આ માનકુવા ગામમાં એક બ્રાહ્મણ બાઈ હતી. એનું નામ ડાહીબાઈ. ડાહીબાઈ શ્રીહરિ પાસે પહોંચી ચરણરજ માથે ચડાવી પ્રભુને કહે, "હે મહારાજ, મારે ઘેર ભોજન આરોગવા પધારો."

શ્રીજી મહારાજ તો અંતર્યામી, બધું જ જાણતા હતા. ડાહીબાઈ શ્રધ્ધાળુ ખરાં, પણ એક જ ઈશ્વરમાં શ્રધ્ધા રાખનારાં ન હતાં. જેટલા પથ્થર તેટલા દેવને પૂજતાં ડાહીબાઈને જ્ઞાન આપવા એમને ત્યાં ભોજનના આમંત્રણને તરત સ્વીકારી લીધું ને કહ્યું, "ભલે, અમે તમારે ત્યાં જમવા આવશું."

બીજે દિવસે શ્રીજી મહારાજ ડાહીબાઈને ત્યાં જમવા પધાર્યા. ડાહીબાઈએ ઓસરીમાં પ્રભુને જમવા આસન પાથરી આપ્યું. પ્રભુ એ આસન પર વિરાજમાન થયા. બાજુમાં મોટો ઓરડો હતો. શ્રીહરિની દૃષ્ટિ એ ઓરડામાં અંદર પડી. જ્યાં જોયું ત્યાં તો ઓરડો આખો લાકડાનાં અને માટીનાં અનેક દેવદેવીનાં સિંદૂર લગાડેલા પુતળાથી ઠસોઠસ ભર્યો હતો ! ડાહીબાઈએ આટલાં બધાં પુતળાં ભર્યા હતાં તે જોઈને શ્રીહરિએ થોડા ક્રોધાવેશમાં કહ્યું, "ડાહીબાઈ, તમારે ઘેર અમને ભોજન લેવા શા માટે નોતર્યા છે ? અમારું અહીં શું કામ છે ? તમારા ઘરમાં તો અનેક ભગવાનનો જમેલો જામ્યો છે. અમે એવા અવિશ્વાસુ, ધર્મનો દંભ કરનારનું ભોજન લેતા નથી. અમે તમારે ઘેર જમશું નહિ.

શ્રીજી મહારાજે તો જમવાના આસનેથી એકદમ ઉભા થઈને પોતાના મુકામ તરફ ચાલવા માડ્યું. ડાહીબાઈના પતિ વિપ્ર લવજી વધારે ડાહ્યા, સમજુ અને એક જ ઈશ્વરમાં આસ્થાવાળા હતા. તેમણે તરત જ પ્રભુને વિનંતી કરી કે "હે મહારાજ, અમારા જેવા અજ્ઞાન-અબુધજનોના અંતરને જાણનાર, હે સર્વજ્ઞ, અમારા પર કૃપા કરો. ભોજન અર્થે અમારે આંગણે પધાર્યા છો અને ભોજન લીધા વગર પાછા શીદને વળો છો ? અમારાં જીવન પાપમાંથી કોઈ દિવસ નહીં છૂટે ? પ્રભુ અમારા પર કૃપા કરોને ભોજન આરોગીનેજ જાવ."

શ્રીહરિએ કહ્યું : જેને એક જ ઈશ્વરમાં દૃઢ વિશ્વાસ અને એક જ ઈશ્વરનું શરણું લેવાની નિશ્ચલતા છે, તેવા ભક્તો જ મને પ્રિય છે. જેના હૃદયમાં ધર્મ ને નામે છેતરપિંડી કરવાની અસદ્‌વૃત્તિ છે, જેનું હૈયું પાખંડના વિષથી ભર્યું છે તેવા ભક્ત સાથે અમારે બને નહિ.

લવજી બ્રાહ્મણે અત્યંત વ્યથિત સ્વરે પ્રભુને કહ્યું, હે શ્રીહરિ, આપ જેવી આજ્ઞા કરશો તેમજ અમે કરીશું અમે ભાન ભૂલ્યાં હતા. અજ્ઞાનના અંધકારમાં ભટકતા રહ્યાં હતા, આજ આપે અમને પતિ-પત્નિને ધર્મના સાચા મર્મને સમજાવ્યો છે. પ્રભુને પામવાનો સાચો રસ્તો બતાવ્યો છે. આપ આજ્ઞા કરો એ પ્રમાણે કરવાં તૈયાર જ છીએ.

શ્રીહરિએ તેમને કહ્યું, તમારા માથે આટલો લાંબો ચોટલો છે તે ઉતરાવી નાખો. પ્રભુના ભક્ત હોવાનો ખોટો બાહ્ય દેખાવ રાખવાથી પ્રભુ પ્રસન્ન નથી થતા. માટે લોકોને ઠગવા આવા બહારનાં દેખાવને દૂર કરો. ધર્મના નામે મંત્ર, જંત્ર, નાટક, ચેટક, પાખંડ એવાં ધતિંગ કે દેખાવ કરવા નહિ. આવા ધમંડી, ધુતારા ભક્ત તરફ મને અત્યંત તિરસ્કાર છે.

અંતરમાં એક જ શ્રીહરિની ભક્તિ અડગ શ્રધ્ધા સાથે કરો. પ્રભુ તમારો જ છે.

શ્રી સ્વામિનારાયણ

પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ બુદ્ધિને નિશ્ચય સરખાં છે તો પણ એકને ગુણ-અવગુણ આવે છે તેની બુદ્ધિમાં શો દોષ છે ?

પ્ર. ૨ શિક્ષાપત્રીમાં ગૃહસ્થ હરિભક્તોમાંથી કોનો નામોલ્લેખ કર્યો છે ?

પ્ર. ૩ વચનામૃતમાં કહ્યું છે કર્મ મૂર્તિમાન છે કે અમૂર્ત છે ?

પ્ર. ૪ શિક્ષાપત્રીમાં શ્રીજી મહારાજની સૌ પ્રથમ આજ્ઞા કઈ છે ?

પ્ર. ૫ શ્રીજી મહારાજે ગઢપુરને પોતાની કર્મભૂમિ બનાવી પરંતુ ગઢપુરમાં પ્રથમવાર કઈ સાલમાં પધાર્યા હતા ?

પ્ર. ૬ ભગવાનને નવ પ્રકારની ભક્તિએ કરીને ભજવા તેને ભક્તિ જાણવી અને ભગવાનને સદા સાકાર સમજવા તેને ઉપાસના જાણવી.'' શ્રીજી મહારાજે આ વાત ક્યા વચનામૃતમાં કરી છે ?''

પ્ર. ૭ ''દ્વિજપુર જયજયકાર છાય રહ્યો દ્વિજપુર જયજયકાર, ઘરઘર બાજત આનંદ વધાઈ, ગાવત મંગલ ચાર. આ કીર્તનના રચયિતાનું નામ જણાવો.

માર્ચ-૨૦૧૪ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) શ્લોક ૧૧૫. **(૨)** પાઘ. **(૩)** અડાલજના રાણી રૂડાબાઈ (રૂપકુંવર). **(૪)** વનાસા - પુંજાસા. **(૫)** ''જે મને યુધ્ધમાં જીતે તેને વરવું. **(૬)** પ્રેમાનંદ સ્વામી **(૭)** ૪ પ્રકારનો (૧) કુડા પંથી (૨) શક્તિ પંથી (૩) શુષ્ક વેદાંતી (૪) નાસ્તિક

૧ સાં.યો. કોકીલાબા, ઉષાબા (સ્વા. મંદિર સુરેન્દ્રનગર)
૨ કાછડિયા દીપ ધીરૂભાઈ (બાપુનગર)
૩ નરનારાયણ યુવક મંડળ (સ્વા. મં. હર્ષદ બાપુનગર)
૪ ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૫ જોલાપરા શોભના કિશોરભાઈ (સુરેન્દ્રનગર)
૬ સોની પલ્લવીબેન આર. (સુરેન્દ્રનગર)
૭ ભાવસાર અરવિંદાબેન નરેશભાઈ (ચાંદલોડીયા)
૮ સાં.યો. હીરાબા, કંચનબા, ભગવતીબા (ધ્રાંગધ્રા)
૯ સાં.યો. મંજુબા, ભારતીબા, (કાલુપુર સ્વા. મંદિર હવેલી)
૧૦ પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૧૧ કા. પટેલ અલકાબેન દિનેશચંદ્ર (લુણાવાડા)
૧૨ શ્રી સ્વામિ. મંદિર કડિયાવાડ બહેનો (લુણાવાડા)
૧૩ ભાવસાર વીણાબેન આર. (નવરંગપુરા)
૧૪ પટેલ દિપીકા કિરણકુમાર (નારણપુરા)
૧૫ સાધુ પ્રેમપ્રકાશદાસજી ગુરુ સ્વામી જગદીશપ્રસાદદાસજી (ઈડર)
૧૬ પટેલ સુભદ્રાબેન રમેશભાઈ (કુંડાળ)
૧૭ પટેલ સુમિત્રાબેન અમૃતલાલ કોઠારી (કુંડાળ)
૧૮ પટેલ મીનાબેન એમ. (આંબાવાડી)
૧૯ પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૨૦ ધરમશીભાઈ નરશીભાઈ (મેમનગર)
૨૧ પટેલ મીનાબેન કમલેશભાઈ (કુહા)
૨૨ પટેલ સાકરબેન નટવરભાઈ (નાંદોલ)
૨૩ પટેલ ભક્તિભાઈ પુંજલદાસ (દેઉસણા)
૨૪ વિનાતાબેન પ્રવિણભાઈ (આનંદપુરા)
૨૫ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૨૬ બારોટ ધર્મિષ્ઠાબેન બળદેવભાઈ (ઝુલાસણ)
૨૭ પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા-કડી)
૨૮ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૨૯ શ્રી નરનારાયણ બાળ મંડળ (પંચવટી-કલોલ)
૩૦ પટેલ કિંજલબેન પ્રકાશભાઈ (આણંદપુરા)
૩૧ સુથાર સુધાબેન પ્રકાશભાઈ (ઝુલાસણ)
૩૨ પાર્ષદ હાર્દિક ભગત ગુરુ સ્વામી છપૈયાપ્રસાદદાસજી (કાલુપુર)
૩૩ ઘર સભા બહેનો (લુણાવાડા)
૩૪ બહેનો મેઘાણીનગર મંદિર
૩૫ પટેલ માણેકબન મણીલાલ (દહેગામ)
૩૬ પટેલ સરોજબેન રણછોડભાઈ (મુબારકપુર)
૩૭ પટેલ ભાવનાબેન નટવરલાલ (મુબારકપુર)
૩૮ પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૩૯ પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૪૦ પટેલ લાલભાઈ એમ. (ગાંધીનગર)
૪૧ હડિયલ અરવિંદભાઈ વિઠ્ઠલભાઈ (રાણીપ)
૪૨ આદ્રોજા માધવજીભાઈ હરખજીભાઈ (મોરબી)
૪૩ પટેલ પ્રવિણાબેન શરદકુમાર (ઊંઝા)
૪૪ પટેલ શારદાબેન વિઠ્ઠલભાઈ (ડાંગરવા-ડાભી)
૪૫ પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (ડાંગરવા)
૪૬ પટેલ રમેશભાઈ ભક્તિભાઈ (કોઠારી રાણીપ)
૪૭ ડૉ. પટેલ અરૂણભાઈ દેવજીભાઈ (રાણીપ)
૪૮ પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૪૯ પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૫૦ પટેલ જયંતિભાઈ એચ. (વહેલાલ)
૫૧ શા. સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (જમિયતપુરા)
૫૨ ગવૈયા સી.પી. સ્વામી (માણસા)
૫૩ ભાવસાર મહેન્દ્રભાઈ સોમાભાઈ (માણસા)
૫૪ પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (માણસા)
૫૫ ખંધેડિયા ભાવના કમલેશકુમાર (મોરબી)
૫૬ સાં.યો. બહેનો (મોરબી)
૫૭ પટેલ મંજુલાબેન નટવરભાઈ (ડાંગરવા)
૫૮ શ્રી સ્વામિનારાયણ મંદિર બહેનોનું (જેતલપુર)
૫૯ ભક્તિમંડળ શ્રી સ્વામિનારાયણ મંદિર બહેનોનું (એપ્રોચ)
૬૦ ભક્તિ તથા સેજલ બાબુભાઈ રામાણી (હીરાવાડી)
૬૧ ખીચડીયા નંદિની આર. (બાપુનગર)
૬૨ પટેલ દિપીકાબેન હિતેન્દ્રકુમાર (લુણાવાડા)
૬૩ પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઊંઝા)
૬૪ સાં.યો. અનસોયાબા, સાં.યો. વનિતાબા (રણજીતગઢ)
૬૫ સોની વર્ષાબેન અરવિંદભાઈ (અમદાવાદ)
૬૬ સીતાપરા ગોરધનભાઈ વી. (બાપુનગર)
૬૭ સાં.યો. કંચનબા, સાં.યો. કુંદનબા (મેડા)
૬૮ ભાવસાર સુમિત્રાબેન નરેશકુમાર (વિસનગર)
૬૯ ભાવસાર કપિલાબેન નટવરલાલ (લાંધણજ)
૭૦ ગાંધી જ્યોત્સના એચ. (સુરેન્દ્રનગર)
૭૧ સાં.યો. મંજુલાબા તથા મનિષાબેન (કપડવંજ)
૭૨ પટેલ વિમળાબેન એફ. (કપડવંજ)
૭૩ શાહ કીર્તિબહેન કાંતિલાલ (કપડવંજ)
૭૪ ઠક્કર શારદાબેન કાંતિલાલ (વિરમગામ)
૭૫ જ્યોત્સનાબેન સુભાષચંદ્ર (સરસપુર-અમદાવાદ)
૭૬ ચોકસી ઈલાબેન નરેન્દ્રકુમાર (દરિયાપુર)
૭૭ ચોકસી નરેન્દ્રકુમાર શાંતિલાલ (દરિયાપુર)
૭૮ ભોરણીયા રૂપજીભાઈ ડી. (જૂના દેવળીયા)
૭૯ પટેલ દિવ્યાંગ ભરતભાઈ (નિર્ણયનગર)
૮૦ પટેલ સરોજબેન માધવલાલ (મારૂસણા)
૮૧ નીપાબેન (ચાંદખેડા)
૮૨ શ્રી સ્વામિનારાયણ મંદિર બહેનોનું (વિરાટનગર)
૮૩ કા. પટેલ રૂપલબેન કંચનલાલ (લુણાવાડા)
૮૪ શ્રી નરનારાયણ બાળ મંડળ (બાલવા)
૮૫ શ્રી નરનારાયણ બાળ મંડળ (વાવોલ)
૮૬ ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૮૭ પટેલ ભગવાનભાઈ એન. (નરોડા)
૮૮ પટેલ કોઠારી સુમિત્રાબેન અમૃતલાલ (કુંડાળ)
૮૯ પટેલ ગાંડાભાઈ સેંધીદાસ (કુંડાળ)
૯૦ પટેલ સુમિત્રાબેન રમેશભાઈ (કુંડાળ)
૯૧ અડાલજા કંચનબેન બાબુભાઈ (રતનપર)
૯૨ પટેલ લીલાબેન સી. (ગોધરા)
૯૩ પટેલ સવિતાબેન મનહરભાઈ (ધાકડી)
૯૪ મહંત સાં.યો. શ્યામબાઈ અરજણ ડિરાણી (ભુજ)
૯૫ સાં.યો. ધનબાઈ શીવજી ભંડેરી (મીરજાપર)
૯૬ સાં.યો. રામબાઈ ધનજી વરસાણી (મીરજાપર)
૯૭ સાં.યો. જયશ્રીબાઈ પ્રવિણ વરસાણી (મીરજાપર)
૯૮ સોની મીનાબેન મહેન્દ્રભાઈ (અમદાવાદ)

સત્સંગ સમાચાર

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો તૃતિય સ્થાપના દિન ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ આશીર્વાદથી આપણા શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમના તૃતિય સ્થાપના દિન નિમિત્તે ફાગણ સુદ-૩ ત્રીજના બપોરે પછી હોલ નં. ૮ માં શ્રીનરનારાયણદેવના શુભ સાનિધ્યમાં ૧૬૦ હરિભક્તોના સોજડે યજમાન પદે સમૂહ મહાપૂજાનું આયોજન થયું હતું પૂર્ણાહુતિમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને શ્રી નરનારાયણદેવને અભિષેક તથા આરતી કરી હતી. હોલ નં. ૧૧ માં પ્રાસંગિક સભામાં સૌ પ્રથમ આપણા સંપ્રદાયના ગાયક કલાકાર શ્રી જયેશભાઈ સોની દ્વારા કીર્તન ભક્તિ થઈ હતી. શ્રીહરિના બન્ને અપર સ્વરૂપ સભામાં દર્શન આપવા પધાર્યા હતા. ધામો ધામના બ્રહ્મનિઠ સંતો પણ સભામાં પધાર્યા હતા. બહેનોને દર્શન આપવા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતા.

ધર્મકુળનું પૂજન તથા યજમાનોનું સન્માન બાદ મ્યુઝિયમ દ્વારા પ્રકાશિત અને ગોરધનભાઈ સીતાપરા દ્વારા લખાવેલ "શ્રીહરિ ચરિત્ર"નું (ઉતરાર્ધ) પુસ્તકનું વિમોચન પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે થયું હતું. ત્યારબાદ સંતોના મંગલ ઉદ્બોધન બાદ પ.પૂ. મોટા મહારાજશ્રીએ આશીર્વચનમાં રમૂજ કરતા કહ્યું કે ઘણાને શ્રી નરનારાયણદેવ નથી ગમતા ! અમે કે મહારાજશ્રી નથી ગમતા. તેઓને પણ આ મ્યુઝિયમ ગમે છે. મુખ્ય યજમાન અ.નિ. ચિમનલાલ મુલચંદભાઈ ભાવસાર હ. રશ્મિકાંતભાઈ તથા રસોઈના યજમાન અ.નિ. પ.ભ. ચંપાબેન ગંગારામભાઈ પટેલના સ્મરણાર્થે હ. ડૉ. ગંગારામભાઈએ લાભ લીધો હતો. ૩૦૦૦ ભક્તોએ ભોજન પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવતા હતા. મ્યુઝિયમના મેનેજર પ.ભ. દાસભાઈ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. (ગોરધનભાઈ સીતાપરા)

અમદાવાદ મંદિરમાં ફુલદોલોત્સવ

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં અનેકવાર ફુલદોલોત્સવનો સમૈયો કરી સંતો-ભક્તોને રાજી કરતા. આ સમૈયાની પરંપરા સંપ્રદાયમાં આજે પણ જેમની તેમ જળવાયેલી છે. ફાગણ વદ-૧ શ્રી નરનારાયણદેવ જયંતી પ્રસંગે આપણા ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા અને સૌ પ્રથમ શ્રી નરનારાયણદેવની આરતી ઉતારીને મંદિરના પ્રસાદીના વિશાળ ચોકમાં સુંદર ભવ્ય શમિયાણામાં સંત-પાર્ષદોથી વિંટાયેલા કેસૂડાના રંગની સુંદર પિચકારી વડે પોતાના આશ્રિતજનોને રંગભીના કરતા હતા. હજારો ભક્તો આજે મન મૂકીને પૂ. લાલજી મહારાજશ્રીના હસ્તે રંગાવા પડાપડી કરતા હતા. ગુજરાતના અનેક ઈલેકટ્રોનિકસ મિડીયા અને અમદાવાદના ફોટો જર્નાલીઝમે આ ભવ્ય પ્રસંગને પોતાના કેમેરામાં કંડારીને સમગ્ર ભારતના ધર્મપ્રેમી જનોને પોતપોતાની ટીવી ચેનલ દ્વારા દર્શન કરાવ્યા હતા. તેજ રીતે હવેલીમાં પણ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ સમગ્ર બહેનોને રંગે રમાડ્યા હતા. આમ નરનારાયણદેવ જયંતી ફૂલદોલોત્સવ ખૂબજ ભવ્યતાથી ઉજવાયો. આ પ્રસંગના યજમાન પૂ. મહંત સ્વામીની પ્રેરણાથી જય શિયારામ ટ્રસ્ટ પ.ભ. દેવુ ભગત હ. શ્રી કિશોરભાઈ આદિએ લાભ લીધો હતો. પૂ. મહંત સ્વામીના શિષ્ય મંડળ કોઠારી જે.કે. સ્વામી, યોગી સ્વામી, ભક્તિ સ્વામી, શ્રી નરનારાયણદેવના પૂજારી બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી, શા. નારાયણમુનિદાસ, રામ સ્વામી આદિ સંત-હરિભક્તો સેવામાં રહ્યાં હતાં.

અમદાવાદ શહેરના હજારો ભક્તજનોએ ફુલદોલોત્સવના દર્શન કરી જીવનને ધન્ય માનતા હતા.

(શા.સ્વા. નારાયણમુનિદાસજી)

શ્રી સ્વામિનારાયણ મંદિર સુધડ મૂર્તિ પ્રતિષ્ઠા

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા શાસ્ત્રી સ્વામી શ્રી હરિકેશવદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર સુધડનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૪-૩-૧૪ થી તા. ૬-૩-૧૪ પર્યન્ત વિધિવત રીતે ઉજવાયો.

આ પ્રસંગ અંતર્ગત શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ ત્રિદિનાત્મક પારાયણ. શ્રીહરિયાગ, ઠાકોરજીની નગર યાત્રા આદિ કાર્યક્રમો ભવ્યતાથી ઉજવાયા. ભગવાનની નગર યાત્રામાં આખું ગામ હિલોળે ચડ્યું હતું. કથાના વક્તા પદે શાસ્ત્રી સ્વામી પ્રેમપ્રકાશદાસજી (ઈડર) રહ્યાં હતાં. યજ્ઞના મુખ્ય આચાર્ય શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી (નખત્રાણા કચ્છવાળા) એ યજ્ઞ વિધિ કરાવેલ.

તા. ૪-૩-૧૪ ના પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી તથા તા. ૬-૩-૧૪ ના પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ પધારી બહેનોને દર્શનનો લાભ આપ્યો હતો.

તા. ૬-૩-૧૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે તેઓશ્રીનું ધામધૂમથી સામૈયું કરી સુંદર સ્વાગત કર્યું હતું. ત્યારબાદ તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની મૂર્તિ પ્રતિષ્ઠા વિધિવત રીતે થઈ હતી. ત્યારબાદ યજ્ઞમાં શ્રીફળ હોમી યજ્ઞની પૂર્ણાહુતિ અને મંદિરમાં અન્નકૂટ આરતી ઉતારી હતી. સભામાં કથાની પૂર્ણાહુતિ કરીને સભામાં વિરાજમાન થયા હતા. વિદ્વાન સંતોની પ્રેરક વાણી બાદ સમગ્ર સભાને પ.પૂ.

મહારાજશ્રીએ આશીર્વચન પાઠવ્યા હતા. મુખ્ય યજમાન પ.ભ. મફતભાઈ ઈશ્વરભાઈ પટેલ પરિવારે પ.પૂ. મહારાજશ્રીના પૂજન-આશીર્વાદનો લાભ લીધો હતો.

આ પ્રસંગમાં જગદીશ સ્વામી (ઈડર મહંતશ્રી) શાસ્ત્રી સ્વામી હરિપ્રિયદાસજી (ગાંધીનગર) કોઠારી સત્યસંકલ્પ સ્વામી, વાસુદેવ સ્વામી, માધવ સ્વામી વગેરે સેવામાં હતા.

સભા સંચાલન શાસ્ત્રી સ્વા. શ્રીજીપ્રકાશદાસજી તથા પૂજારી સ્વા. અજયપ્રકાશદાસે કર્યું હતું. આ પ્રસંગમાં કાલુપુર મંદિરના મહંત સ્વામી શા. સ્વા. હરિકૃષ્ણદાસજી સહિત ધામોધામના સંતો પધાર્યા હતા. સાંખ્યયોગી બહેનો ધામોધામથી પધાર્યા હતા. સમગ્ર મહોત્સવના મુખ્ય યજમાન શ્રીમતી કોકીલાબેન મફતભાઈ પટેલ પરિવાર રહ્યાં હતાં. ૧૦૦૦૦ ઉપરાંત ભાવિકોએ લાભ લીધો હતો.

(અમૃતભાઈ પટેલ સુઘડ)

શ્રી સ્વામિનારાયણ મંદિર મણીપુર ખાત વિધિ

મણીપુર ગામમાં ૧૦૦ વર્ષ પહેલા પ.પૂ. આચાર્ય શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજશ્રીએ મંદિરમાં ઠાકોરજીની પ્રતિષ્ઠા કરી હતી. જે મંદિર જીર્ણ થતા સર્વોપરી ઈષ્ટદેવ શ્રીહરિની કૃપાથી તથા તેમના જ અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણા માર્ગદર્શનથી નૂતન ભવ્ય હરિ મંદિરની ખાત વિધિ તા. ૨૪-૩-૧૪ ના રોજ અમદાવાદ મંદિરના મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજીના હસ્તે થઈ હતી. આ પ્રસંગે સંતોની પ્રેરક વાણી બાદ કથા વાર્તામાં ગામના હરિભક્તોએ લાભ લઈ મંદિર નિર્માણમાં આર્થિક સેવા કરવામાં આવી હતી.

(કોઠારીશ્રી મણીપુર)

શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં ધોળકાથી શ્રી નરનારાયણદેવની સૌ પ્રથમ પદયાત્રા

સંપ્રદાયનું સૌ પ્રથમ નિર્માણ થયેલ મહામંદિર શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવના જીર્ણોદ્ધારિત મંદિર તથા સુવર્ણ સિંહાસનના ઉદ્‌ઘાટન પ્રસંગે ડિસેમ્બર-૨૦૧૪ માં ઉજવાનાર ભવ્યાતિ ભવ્ય શ્રી નરનારાયણદેવ મહામહોત્સવના ઉપલક્ષમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી સમગ્ર અમદાવાદ દેશમાં વિશેષ કાર્યક્રમો વર્ષ દમર્યાન થશે.

જેના ભાગરૂપે ધોળકા શ્રી મોરલી મનોહરદેવના દર્શન કરી સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પૂર્ણપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા તા. ૨૩-૨-૧૪ ના રોજ પ્રાતઃ ૫-૦૦ કલાકે શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પદયાત્રા યોજી હતી.

જે સાંજે ૬-૦૦ કલાકે શ્રી નરનારાયણદેવના દર્શન કરી પૂર્ણ થઈ હતી. પદયાત્રીઓનું અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી, પૂ. દેવ સ્વામી અને પૂ. પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)એ પુષ્પહાર પહેરાવી સ્વાગત કર્યું હતું. દરેક પદયાત્રીઓને પ.ભ. વિનોદભાઈ કાનજીભાઈ ઠક્કર રસોઈ અને રસિકભાઈ પટેલ અને મુકેશભાઈ ઠક્કર (સરોડા) તરફથી નાસ્તો અને દાણીલીંમડા અને જીવરાજપાર્કના હરિભક્તોએ ઠંડા પાણીની વ્યવસ્થા કરી હતી. ભૂપેન્દ્રભાઈ અને મહેશભાઈ તરફથી સરબત, આઈસ્ક્રીમ આપવામાં આવેલ.

(સુરેશભાઈ પૂજારા ધોળકા)

શ્રી સ્વામિનારાયણ મંદિર ભાઉપુરા પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અને જેતલપુર ધામના પૂ. મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. શા. પી.પી. સ્વામીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર ભાઉપુરાનો વાર્ષિક પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો. તા. ૨૪-૨-૧૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્‌ હસ્તે (શ્રીહરિકૃષ્ણ મહારાજ) ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક થયો હતો ત્યારબાદ સભામાં પધાર્યા હતા. જ્યાં પૂ. પી.પી. સ્વામી અને વિદ્વાન સંત મંડળે ભગવાન સંબંધી વાતો કરી હરિભક્તોને સુંદર લાભ આપ્યો હતો. યજમાન શ્રી મહેન્દ્રભાઈ શિવદાસભાઈ પટેલ પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. સમસ્ત સભાને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપી રાજી થયા હતા. છેલ્લે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારી સૌને દર્શનનો અલૌકિક લાભ આપ્યો હતો. જેતલપુર મંદિરના સંત મંડળે તમામ વ્યવસ્થાનું આયોજન કર્યું હતું.

(લાલભાઈ પટેલ)

શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ (બાપુનગર) નો ૯ મો પાટોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્‌ સમગ્ર ધર્મકુળ પરિવારના આશીર્વાદથી તથા અત્રેના મહંત સ્વામી સ.ગુ. સ્વામી લક્ષ્મણજીવનદાસજીની પ્રેરણાથી ૯ માં પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૧-૩-૧૪ થી તા. ૭-૩-૧૪ દરમ્યાન સંપ્રદાયના સુપ્રસિદ્ધ વિદ્વાન કથાકાર સંત પૂજ્ય શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના વક્તાપદે શ્રીમદ્‌ સત્સંગિભૂષણ સપ્તાહ પારાયણ રાત્રી કથાનું સુંદર આયોજન થયું હતું. કથામાં આવતા ઉત્સવો ધામધૂમથી ઉજવ્યા હતા.

આ પ્રસંગે યોજાયેલ સમૂહ મહાપૂજામાં ૨૩૦ ભક્તોએ લાભ લીધો હતો. તા. ૨-૩-૧૪ ના રોજ સવારે પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ વરદ્‌ હસ્તે નૂતન સંત નિવાસ અને મુખ્ય પ્રવેશ દ્વારનું ભૂમિ પૂજન થયું હતું. તા. ૮-૩-૧૪ ના રોજ સવારે બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો અભિષેક તથા અન્નકૂટ આરતી પ.પૂ. મહારાજશ્રીના વરદ્‌ હસ્તે થયા હતા. બહેનોને દર્શન આપવા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરુપ ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતા. આ પ્રસંગે ધામોધામથી સંતો

પધાર્યા હતા. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સૌ ભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પાટોત્સવ-પારાયણના યજમાન ભાલજા મંડળના પ.ભ. સોની કસ્તુરચંદ પોપટલાલ ઝિંઝુવાડીયા પરિવાર હ. પ.ભ. ડૉ. હર્ષદભાઈ શાંતિભાઈ, વિનોદભાઈ તથા કિશોરભાઈએ લાભ લીધો હતો.

(ગોરધનભાઈ વી. સીતાપરા)

શ્રી સ્વામિનારાયણ મંદિર રિદ્રોલ દશાબ્દી મહોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી તથા પ.પૂ. અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી (કાલુપુર)ની પ્રેરણાથી તેમજ પૂ. સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તથા પૂ. સ.ગુ. શા.સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંતશ્રી)ના માર્ગદર્શનથી શ્રીહરિના પ્રસાદીભૂત રિદ્રોલ ગામે તા. ૨૬-૨-૨૧૪ થી તા. ૨-૩-૧૪ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પંચ દિનાત્મક કથા સ.ગુ.શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુલ) ના વક્તાપદે થઈ હતી. જેના યજમાન પટેલ કનુભાઈ બાબુલાલ, પટેલ મનુભાઈ બાબુલાલ આદિ પરિવાર રહ્યાં હતા.

તા. ૨-૩-૧૪ ના શુભ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીના વરદ્ હસ્તે યજ્ઞની પૂર્ણાહુતિ, ઠાકોરજીનો પાટોત્સવ અભિષેક અને અન્નકૂટ આરતી થયા હતા.

પ્રાસંગિક સભામાં ધામોધામથી પધારેલા સંતોએ મંગલ ઉદ્બોધન કર્યું હતું. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન સ.ગુ. શા. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજીએ સુંદર રીતે શોભાવ્યું હતું. સમસ્ત ગામે પાટોત્સવ-અભિષેક દર્શન, ધર્મકુળ દર્શન અને કથાનું દિવ્ય પાન કરી ધન્ય ધન્ય બન્યા હતા.

(પટેલ કેતન કનુભાઈ રિદ્રોલ)

શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા શહેર ચોર્યાસી-પાટોત્સવ

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી ગુરુપ્રસાદદાસજી તથા સ.ગુ. મહંત શા. આનંદપ્રસાદદાસજીની પ્રેરણાથી મહાપ્રસાદીભૂત શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા ખાતે શહેર ચોર્યાસી અને પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૧-૩-૧૪ થી તા. ૫-૩-૧૪ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિ ભૂષણ પંચાહ્ન પારાયણ સ.ગુ. શા.સ્વા. યજ્ઞપ્રકાશદાસજીના વક્તા પદે સુંદર રીતે થઈ હતી. તા. ૫-૩-૧૪ ના રોજ સવારે ૯-૩૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો ષોડશોપચાર મહાભિષેક સંપન્ન થયો હતો. કથાની પૂર્ણાહુતિ તથા વિશાળ સત્સંગ સભા કાંકરિયાની પાળે રાખેલ. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને સમસ્ત સભાને રૂડા આશીર્વાદ આપી શ્રી નરનારાયણદેવ અને શહેર ચોર્યાસીનો મહિમા કહ્યો હતો. ધામોધામથી સંતો પધાર્યા હતા. સભા સંચાલન શા.સ્વામી યજ્ઞપ્રકાશદાસજીએ સુંદર રીતે શોભાવ્યું હતું.

બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતા. સમગ્ર પ્રસંગમાં કાંકરિયા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, મહિલા મંડળ અને કાંકરિયાના ભક્તોની સેવા સાથે પૂ. દેવ સ્વામી, પા. નરોત્તમ ભગત અને નીરૂભાઈ ઠાકરે રસોડામાં સુંદર સેવા બજાવી હતી. હજારો ભૂદેવોએ સુંદર મજાના ચુરમાના લાડુનો મહાપ્રસાદ ગ્રહણ કરી ખૂબજ ધન્ય ધન્ય બન્યા હતા.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાંકરિયા)

કાંકરોલમાં કથા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી તથા હિંમતનગર મંદિરના મહંત સ્વામીની પ્રેરણાથી કાંકરોલ ગામે સુંદર સભા થઈ હતી.

શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગરના મહંત શાસ્ત્રી હરિજીવનદાસજીએ અનોખી શૈલીમાં સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત વચન વિધિની કથા કરીને હરિભક્તોને રાજી કર્યા હતા.

(સુરેશભાઈ પટેલ)

શ્રી સ્વામિનારાયણ મંદિર ટાંકીયા ૩૦ મો પાટોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા શા.સ્વા. સિધ્ધેશ્વરદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ટાંકીયાનો ૩૦ મો પાટોત્સવ તા. ૭-૩-૧૪ ના રોજ વિધિવત રીતે ઉજવાયો. આ પ્રસંગે સૌ પ્રથમ ઠાકોરજીને અભિષેક અને અન્નકૂટ આરતી બાદ સભામાં શા. માધવપ્રિયદાસે (સિધ્ધપુર ગુરુકુળ) કથાનો લાભ આપેલ. પા. જસુ ભગતે પણ સુંદર લાભ આપેલ. અન્ય ગામો જેવા કે, ડાંગરવા, આનંદપુરા, કરજીસણ, વેડાગોવિંદપુરા અને ઝુલાસણના હરિભક્તોએ લાભ લીધો હતો.

આ પ્રસંગે ભોજન પ્રસાદના યજમાન ચૌહાણ અમથાભા પરિવાર હ. મહેન્દ્રસિંહ તથા સરપંચશ્રી જસુજી આદિએ સેવામાં સહયોગ આપ્યો હતો. (કોઠારીશ્રી)

શ્રી સ્વામિનારાયણ મંદિર વેડા (ગોવિંદપુરા) ૭૨ મો પાટોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા શા. સિધ્ધેશ્વરદાસજી (સિધ્ધપુર ગુરુકુળ)ની પ્રેરણાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર વેડા (ગોવિંદપુરા)નો ૭૨ મો પાટોત્સવ તા. ૧૯-૩-૧૪ ના રોજ વિધિવત રીતે ઉજવાયો. સૌ પ્રથમ ઠાકોરજીને અભિષેક બાદ અન્નકૂટ આરતી કરી હતી. તા. ૧૮-૩-૧૪ ના રાત્રે શા. માધવપ્રિયદાસજી અને જસુભગતે કથાનો લાભ આપેલ. બહાર ગામથી ઘણા ભક્તોએ લાભ લીધો હતો. (પટેલ રાજુભાઈ કેશવલાલ)

શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ વિભાગ દ્વારા ગત વર્ષે લેવાયેલ પરીક્ષાનું પરિણામ કુલ ૨૫૮૦ પરીક્ષાર્થી

બાળ સત્સંગ ભાગ-૧ કુલ ૧૮૬૫, પાસ ૧૮૪૦, નાપાસ ૧૦, ગેર હાજર ૧૫ ● કિશોર સત્સંગ ભાગ-૨ કુલ ૭૧૫, પાસ ૬૯૦, ગેર હાજર ૨૫ ● કુલ પરિણામ ૭૫ ટકા

બાળ સત્સંગ ભાગ-૧ પરીક્ષામાં સારા ગુણે પાસ થનારની યાદી

